ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરતનું મુખપત્ર

# વહોરા સમાચાર

**કોઈ કામ ભલે ગમે તેટલું કઠિન હોય પણ દ્રઢ વિશ્વાસથી તે જરૂર પુરું કરી શકાય છે.**

અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી. - આ ઉક્તિ આપણે બાળપણથી જ સાંભળતા આવ્યા છીએ. છતાં આપણે ઘણીવાર નાસીપાસ થઈ જઈએ છીએ. જરાક મુસીબત આવે અને આપણે હારીને હથિયાર હેઠાં મૂકી દઈએ છીએ. આપણે એવું કેમ કરીએ છીએ ? તેનું કારણ આપણું મન છે. આપણું મન ભીરુ હોય, ડરપોક હોય ત્યારે તે મુસીબતોથી હારી જાય છે. નિર્બળ મનનો માનવી મુસીબતોથી હંમેશા દૂર ભાગતો હોય છે. કેમ કે મુસીબતો સામે લડવામાં તેને હારવાનો ડર લાગે છે.

કોઈપણ કામ કરવા માટે અડગ મન હોવું જરૂરી છે. આપણું મન અડગ હશે તો આપણે તે કામને વળગી રહીશું અને એક દિવસ તેને સફળતાપૂર્વક પુરું કરીશું. અડગ મન એટલે શું ? અડગ મન એટલે આપણો આપણી જાત ઉપરનો વિશ્વાસ. આપણું મન અડગ બનાવવા માટે આપણે આપણી જાત ઉપર વિશ્વાસ રાખવો પડશે. આપણને જો પોતાના ઉપર વિશ્વાસ નહિ હોય તો બીજા લોકોને કેવી રેતે વિશ્વાસ આવશે ? પોતાની જાત ઉપર વિશ્વાસ હશે તો આપણે ગમે તેવા સંજોગોમાં પણ પાછળ હટવાનું નામ નહીં દઈએ.

ઘણીવાર આપણે કોઈ કામ કરવા માટે અનુકૂળ સંજોગોની આશા રાખીને બેસી રહીએ છીએ. મોટે ભાગે એવું જોવામાં આવ્યું છે કે કોઈના જીવનમાં અનુકૂળ સંજોગો આવતા નથી. વિકટ સંજોગોને પણ પોતાની ખૂબીથી, દ્રઢતાથી અને જુસ્સાથી અનુકૂળ બનાવવા જ પડે છે. ■

માહે જમાદિલ આખિર ૧૪૪૨ ફેબ્રુઆરી - ૨૦૨૧ તંત્રીઃ મસ્ત મંગેરા

www.ssvmes.org
vohrasociety@gmail.com
vohrasamachar@gmail.com
www.vohratimes.org
vohrasociety@yahoo.com
vohrasamachar@yahoo.com

## આપણા સમાજનું ગૌરવ

**B.Tech - M.Tech Dual Degree**



**રાંદેર**ના વતની **ફાતીમા અહમદ સાલેહભાઇ** એ **B.Tech** અને **M.Tech in Mechanical eng.** ની પરીક્ષા **Indian Institute of Technology Bombay** માંથી પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ. હાલ એમણે M.Card માં જોબ મેળવી છે.**

**B.Pharmacy** થયા



આપણી સોસાયટીના સ્કોલર **રેઠવાણીયા** ના વતની **સાજીદ મોહંમદ લંબાત** એ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટી, અમદાવાદ દ્વારા લેવાયેલ **B.Pharmacy** ની પરીક્ષા શ્રી એન.એલ. પટેલ કોલેજ ઓફ ફાર્મસી,ઉમરાખ માંથી પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

**B.E.** થયા



મૂળ **કરમાલી** અને હાલ **મુંબઇ** સ્થાઇ **મોહંમદ અઝહર હાસીમ બેમાત** એ સાવિત્રીબાઇ ફુલે પુને યુનિવર્સીટી દ્વારા લેવાયેલ **B.E. (AUTOMOBILE)** ની પરીક્ષા ડૉ. ડી.વાય.પાટીલ કોલેજ, પુના માંથી ફર્સ્ટ કલાસમાં પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

**M.Sc.** થયા



આપણી સોસાયટીના સ્કોલર **રેઠવાણીયા** ના વતની **સબીના મોહંમદ લંબાત** એ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સીટી,સુરત દ્વારા લેવાયેલ **M.Sc.** ની પરીક્ષા વી.એસ.પટેલ કોલેજ, બીલીમોરા માંથી ફર્સ્ટ કલાસમાં પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

**M.Com.** થયા



મૂળ **આલુંજ** અને હાલ **મોટાવરાછા** સ્થાઇ **આમેના મોહંમદ લહેરી** એ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સીટી, સુરત દ્વારા લેવાયેલ **M.Com** ની પરીક્ષા પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

**B.A.** થયા



**હથુરણ**ના વતની **નબીલા યુનુસ લીંબાડા** એ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સીટી,સુરત દ્વારા લેવાયેલ **B.A.** ની પરીક્ષા શ્રી જે.પી. કોલેજ,ભરૂચ માંથી ફર્સ્ટ કલાસમાં પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

## LOCAL SCHOOL GIRL TOP OF HER GAME



**Klerksdorp Record,**

Mind Sports South Africa's SA National Championships for Morabaraba took place over the weekend. Klerksdorp school girl,Saudah Bhaimia (Curro Klerksdorp) totally dominated the field for the third time in a row at the South African National Board Games Championships. Having won the 2018 and 2019 South African National Championships. Saudah went on to win her third consecutive national title. making her the first female gamer in South africa to do so in the Morabaraba game.



**એસ.એસ.સી.- ૨૦૨૦**

**આમેના અહમદ સાલેહભાઇ**

ગામ:- રાંદેર

૬૪.૬૬ ટકા

# વહોરા સમાચાર

- **હદીશ શરીફ**

- **ધન-દૌલત વિષે તમારાથી ધનિકની સાથે નહીં પણ તમારાથી ગરીબની સાથે સરખામણી કરો.**

- **ચિંતન**

- જેના વિષે પોતે ખુમારી અનુભવી શકે એવી એકાદ પણ વસ્તુનો અભાવ એ મનુષ્યનું કદાચ સૌથી મોટું દુર્ભાગ્ય ગણાય. અર્થાત્ ખુમારી ન હોવું એ ઘણી - ઘણી ગંભીર બાબત ગણાય.


**અંક : ૦૨**

**માસઃ - ફેબ્રુઆરી ૨૦૨૧**

**માહેઃ જમાદિલ આખિર ૧૪૪૨**

**તંત્રી : મસ્ત મંગેરા**


## શે'રો

રક્ષકો પર માત્ર રક્ષણનું અવલંબન નથી,
તે જીવે છે જેમની પાસે કશું સાધન નથી!

***

કરતું નથી અધર્મનો કોઈ મુકાબલો,
જાણે હજીયે કોઈ પયંબર છે આવનાર!!

***

વાતાવરણની કેવી વિષમતા કે આપણે,
આવી શકયા હજી ન કોઈ એક વાત પર!!

***

સંરક્ષણ ફૂલનું કરવું તે પણ ફૂલના ભોગે?
ગજબ છે બાગના એવા જ અહીં રક્ષક બની બેઠા.

• મસ્ત હબીબ સારોદી

## ■ તંત્રી સ્થાનેથી...!

### નવા ઉમંગ સાથે આગળ વધો

નવા વર્ષની શરૂઆત થઈ ગઈ છે. ગયા વર્ષની કડવી યાદો સૌની પાસે છે, પરંતુ સારી વાત એ છે કે આ ખરાબ સમય પણ સૌનો પસાર થઈ ગયો.

ભલભલા ભડવીરો, અબજોપતિ, ભયંકર રાજકિય શકિત ધરાવતા સૌ લોકો અલ્લાહે નિર્મિત કરેલી એક પળમાં ધરાશાયી/ધૂળભેગા થઈ ગયા. ઘરમાં પૂરાઈ ગયા. પોતાની જાતને બચાવવા હવાતિયાં મારતા થઈ ગયા.

આ ફકત અલ્લાહ જ કરી શકે.

માણસ જાત કેટલી લાચાર અને વામણી છે તે આનાથી સાબિત થાય છે.

હવે નવા વર્ષની શરૂઆત આપણે કોઈ પોઝીટીવ વાતથી કરીએ.

નવી સવાર હંમેશા નવો ઉત્સાહ, ઉમંગ લઈને આવતી હોય છે. આપણે આ ઉત્સવને કેટલો આવકારીએ છીએ તે આપણા પર નિર્ભર છે. વાત...અંધારૂં કેટલું ગાઢ છે તેની ચર્ચા કરવાથી શું વળવાનું છે. સવાલ માત્ર એક દીવો પ્રગટાવવાની છે. ઈ.સ.૨૦૨૦ની યાદો ખરાબ હોય તો તેને છાતી પર લઈને આપણે કયાં સુધી ફર્યા કરવાનું ? તે આપણે જ નકકી કરવાનું છે.

નવા વર્ષમાં જૂની કડવી યાદોને ભૂલીને ઉત્સાહ સાથે આપણે આગળ વધવાનું છે. તૂટી પડેલા લોકોનો આધાર બનવાનું છે, નિરાશ થયેલા લોકોમાં આશા - ઉમંગનો સંચાર કરવાનો છે.

નવા વર્ષમાં આપણી આસપાસના લોકોને ખુશ રાખીએ, સાચવી લઈએ એ જ મોટી ઉપલબ્ધિ રહેવાની છે.

**દુઃખ નહિ કોઈ કે અબ ઉપલબ્ધિઓ કે નામ પર,**

**ઔર કુછ હોય યા ના હો, આકાશસી છાતી તો હૈ.**

અને છેલ્લે.....

**ખુદ પે રોશની કમ ફેંકીએ,**

**તભી તો દૂસરોં કો દેખ પાઓગે.**

અલ્લાહ સૌને નેક સમજ અતા કરે.આમીન.

■ **મસ્ત મંગેરા(કાંગવઈ)**


E-mail : mastamangerakangwai@yahoo.com
Mob : 9426771991



તંત્રી ,મુદ્રક અને પ્રકાશક :- અહમદ ઈબ્રાહીમ મંગેરા ( 'મસ્ત' મંગેરા) મુદ્રણ સ્થાન:- નટરાજ પ્રિન્ટર્સ, ઈન્દરપુરા આંબાવાડી,સુરત

પ્રકાશન :- વહોરા સમાચાર, કાર્યાલય સ્થળ :- અલીબાગ,સ્ટેશન સામે, સુરત- ૩૯૫ ૦૦૩ માલિક :- ધી સુ.સુ.વ.મુ.એ.સોસાયટી-સુરત.

## • અલ્લાહની અદાલત

• મુસાજી દીપક બારડોલીકર

**પૂછાણું થશે તેનું આવી બનશે :**

અલ્લાહની અદાલતમાં આમ તો અસામાન્ય ઉદારતા અને દયામય વર્તાવ કરાશે. પરંતુ જે બંદાનું પૂછાણું થશે, ઊંડી પૂછપરછ થશે. સમજો કે તેનું આવી બન્યું. તે બરબાદ થઈ જશે.

સૈયિદિના આયેશા (રદિ.) વર્ણવે છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહ્યું, પુનર્જીવનના દિવસે, જેને હિસાબ માટે બોલાવાશે (પૂછાણું કરાશે) તે બરબાદ થઈ જશે.' અહીં મેં પૂછયું 'ઓ અલ્લાહના રસૂલ, શું અલ્લાહે નથી કહ્યું કે : 'જેને કર્મપત્રક તેના જમણા હાથમાં અપાશે તેનો સંબંધ છે ત્યાં સુધી તેનો હિસાબ સહેલી ગણતરીથી લેવાશે ?' અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહ્યું, 'એનો સંબંધ હિસાબની રજૂઆત સાથે છે. પણ પુનર્જીવનના દિવસે જેની પૃચ્છા કરાશે તેને ચોક્કસ શિક્ષા કરાશે. (બુખારી, મુસ્લિમ)

**એકાંતમાં વાતચીત :-**

હદીસોમાં દર્શાવાયું છે કે અલ્લાહ તઆલા તેના બંદાઓ સાથે એકાંતમાં વાતચીત કરશે. અશવાન ઈબ્ને મુહરિઝ (રદિ.) વર્ણવે છે કે એક માણસે હઝરત ઉમર (રદિ.)ને પૂછ્યું, 'અન-નજવા વિશે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલપહિ વસલ્લમે શું કહ્યું છે ? તેમણે કહ્યું : મેં અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને આમ કહેતાં સાંભળ્યું છે.'અલ્લાહ ઈમાનવાળાઓને પોતાની નજીક ખેંચશે. ત્યાં સુધી કે લોકોથી તે પોતાની જાતને પડદામાં રાખી શકે. તે તેને (બંદાને) તેના ગુના વાંચવા કહેશે અને કહેશે, 'તું જાણે છે તારા આ ગુનાઓ વિશે ? અને (બંદો) જોશે કે તે બર્બાદ થઈ ગયો છે. અલ્લાહ તેને કહેશે, દુનિયામાં તારા આ ગુનાઓ પર મેં પડદો નાંખ્યો હતો અને જા, આજે એ સૌ હું માફ કરૂં છું.'

અને ત્યાર પછી તેના સદકર્મોનું પત્રક તેને આપવામાં આવશે. શ્રદ્ધાહીનો અને મુનાફિકોનો સવાલ છે ત્યાં સુધી સાક્ષીઓ ખુલ્લી જાહેરાત કરશે. ' આ તે છે જેમણે તેમના માલિકને માનવાનો ઈન્કાર કર્યો હતો. દુરાચારીઓ પર અલ્લાહની લાનત.' (બુખારી, મુસ્લિમ)

**કજિયાનો કેસ :-**

અલ્લાહની અદાલતમાં સૌથી પહેલાં કજિયાનો જે કેસ પેશ થશે તે પતિ-પત્ની વચ્ચેનો હશે. અબૂ-બકર અદ -દુનિયા અનુસાર અબૂ ઐયુબ (રદિ.) વર્ણવે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહ્યું.'પુનર્જીવનના દિવસે સૌથી પહેલો સામે આવનારો ઝઘડો પતિ-પત્ની વચ્ચેનો હશે. તે સ્ત્રીની જીભ બંધ કરી દેવાશે. અને પછી તેણે તેના પતિ સાથે જે બુરો વર્તાવ કર્યો હશે તે તેના હાથ અને પગ કહી સંભળાવશે. અને ત્યાર પછી તેના પતિના હાથ-પગ, તેણે પત્ની સાથે કરેલી બૂરાઈ કહી સંભળાવશે. એ જ રીતે એક આદમી અને તેના તાબેદારો પેશ થશે. ત્યાર પછી શ્રીમંતોને બોલાવવામાં આવશે. અને તેમના સદકર્મો તેમને અપાશે, જેમને તેમણે અન્યાય કર્યો હશે. અને અન્યાયનો ભોગ બનનારની બદી અન્યાય કરનારાના ખાતમાં નંખાશે. ત્યારબાદ જાલિમ સત્તાધિશોને પોલાદી લિબાસમાં લાવવામાં આવશે. અને હુકમ થશે. 'નાખો એમને જહન્નમમાં (મજમા અઝ-ઝવાઈદ, અદ-દુર્ર અલ - મન્સૂર, કન્ઝૂલ ઉમ્માલ - હદીસનો અંશ)

**રાજ્ય કર્તાઓ :-**

ઈબ્ને અબૂ અદ - દુનિયા અનુસાર ઈબ્ને માલિક (રદિ.) વર્ણવે છે કે મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને આમ કહેતાં સાંભળ્યા છે. : પુનર્જીવનના દિવસે જાલિમ રાજ્યકર્તાઓને સામે લાવવામાં આવશે. તે (રાજ્યકર્તા) કે જે મારા પૂર્વે થઈ ગયા હતા અને તે કે જે મારા પછી આવશે. અલ્લાહ (તેમને) કહેશે. : 'તમે મારી ધરતીના કોષાધ્યક્ષ (ખજાનચી) અને મારા બંદાઓની દેખરેખ રાખનારા હતા. તમારી પાસે (દરેક વસ્તુની) ભરમાર હતી.' (અને) અલ્લાહ મારા પૂર્વેનાઓને પૂછશે : તમે જે કર્યું હતુ તેનો હેતુ શું હતો ? તેઓ કહેશે દયા અલ્લાહ કહેશે : શું તું મારાથી વિશેષ દયાળું છે ?' અને મારા પછી આવનારાઓને તે પૂછશે : 'તમે જે કર્યું હતું તેનો હેતુ શું હતો ?' તેઓ કહેશે : 'અમે તારી ખાતર ગુસ્સો કર્યો હતો.' (અને) અલ્લાહ પૂછશે : 'શું તું મારાથી વિશેષ ગુસ્સો ધરાવે છે ? અને ત્યાર પછી અલ્લાહ, તેમને (ત્યાંથી) લઈ જવા અને જહન્નમના એક વિભાગમાં નાંખવાનો હુકમ કરશે.' (ઈબ્ને માજા)

**શહીદ, કારી, શ્રીમંત :-**

અલ્લાહની અદાલતમાં શહીદ, કારી તથા શ્રીમંતોની આકરી

પૂછગાછ થશે. અબૂ બકર ઈબ્ને અદ - દુનિયા અનુસાર હઝરત સૈફ (રહ) એ સૈયિદિના અબૂ-હુરયરહ (રદિ.) ના હવાલાથી વર્ણવેલી એક હદીસમાં કહ્યું છે કે : 'અલ્લાહ તઆલા કારીને કહેશે : મેં મારા પયગમ્બર પર નાઝિલ કર્યું હતું તે શું તને શીખવ્યું ન હતું ? કારી કહેશે : હા, મારા માલીક'

અલ્લાહ કહેશે : 'તું જે શીખ્યો હતો તેના વડે તેં શું કર્યું હતું?' કારી કહેશે કે તેણે રાત દિવસ ઊભા રહેવામાં (ઈબાદતમાં) તેનો ઉપયોગ કર્યો હતો. પણ અલ્લાહ કહેશે : તું જૂઠો છે. ફરિસ્તા કહેશે કે તું જૂઠો છે. અને (પછી) અલ્લાહ કહેશે. : 'તેં ઈચ્છા કરી હતી કે લોકો તને કારી કહે (તારી વાહવાહ કરે) અને તારી તે ઈચ્છા પૂરી થઈ હતી.'

શ્રીમંત કહેશે કે તેણે ધનનો ઉપયોગ સગાઓ સાથે સંબંધ જોડવા અને દાન કરવામાં કર્યો હતો. - પણ અલ્લાહ તેને કહેશે, તું જૂઠો છે. ફરિસ્તા પણ એ પ્રમાણે કહેશે. અને પછી અલ્લાહ કહેશે, 'તારો આશય હતો કે લોકો તને દાનવીર કહે, અને એમ થયું હતું અને જિહાદમાં શહીદ થનારને અલ્લાહ જુઠો લેખાવી કહેશે, તારી ઈચ્છા હતી કે લોકો તને નીડર અને હિમ્મતવાન તરીકે યાદ કરે. તારી એ ઈચ્છા ફળી હતી.

હઝરત અબૂ હુરયરહ (રદિ.) વર્ણવે છે કે ત્યાર પછી અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે મારા ગોઠણ પર હાથ મારીને કહ્યું. 'ઓ અબૂ હૂરયરહ, આ પહેલા ત્રણ બંદા હશે. જેમના પર પુનર્જીવનનના દિવસે (જહન્નમની) આગ ભભૂકશે.' (હદીસનો અંશઃ ઈબ્ને કસીર)

ગમે એમ, પણ બધા કારી, શહીદ, શ્રીમંતો એવા એટલે કે દુન્યવી પ્રસિદ્ધિ - પ્રતિષ્ઠાના લાલચી નથી હોતા. અલ્લાહના રાજીપા ખાતર કલામે - ઈલાહી પઢનારા, દાન કરનારા, શહીદ થનારા, વિદ્યાદાન કરનારા દરેક યુગમાં પાકતા રહ્યા છે.અને એવા નેક પ્રમાણિક બંદાઓ વિશે કલામે પાક કહે છે. : અને જેઓ શ્રીમંતવાન છે અને સદાચારી છે તેઓ સર્વ મખલૂકથી બહેતર છે. તેમનો બદલો તેમના પરવરદિગારને ત્યાં બાગે - બહિશ્ત છે, જેની નીચે નહેરો વહે છે. ત્યાં તેઓ હંમેશ રહેશે. અલ્લાહ તેમનાથી ખુશ અને તેઓ તેનાથી ખુશ. આ (બદલો) તેના માટે છે જે તેના રબથી ડરે છે. (અલ-બૈયનહ. ૭-૮)

અલ્લાહનો એ વાયદો છે. અને એ મુજબ બાગે બહિશ્તમાં પ્રવેશનારને આવકાર આપતા ફરિસ્તા કહેશે.'સલામુન અલયકુમ, તમો બહુ સારા રહ્યા. હવે અહીં પ્રવેશ કરો. હંમેશના વસવાટ માટે. (અલ-ઝમર-૩૯-૭૩)

**ખજાનાનો સર્પ :-**

અબૂ હુરયરહ(રદિ.) વર્ણવે છે કે અલ્લાહના રસૂલ સલ્લાલ્લાહુ અલયહિ વસલ્લમે કહ્યું. 'અગર ખજાનાનો માલિક ઝકાત ચૂકવતો નથી તો પુનર્જીવનના દિવસે તે (ધન) તેની પાસે ગંજો સર્પ બનીને આવશે. જેની આંખોના ઉપરના ભાગમાં બે કાળા ડાઘ હશે. એ સર્પ તેના ગાલને પકડશે અને કહેશે : હું છું તારી મિલકત ! હું છું તારો ખજાનો !' (બુખારી મુસનદ અહમદ)

એક અન્ય રિવાયત પ્રમાણે એ સર્પ પાસેથી તે (ધનવાન) ભાગશે અને તે તેનો પીછો કરશે. તેને પકડી લેશે. તેના હાથ ઉપર ડંખ દેશે. તેના શરીર પર વીંટળાઈ જશે. (મુસનદ અહમદ)

અહાદીસમાં આમ પણ કહેવાયું છે કે જહન્નમમાં સર્પ ઊંટની ગરદન જેવા હશે. અને તે કરડશે તો પીડા ચાળીસ વર્ષ સુધી થતી રહેશે અને ત્યાંના વીંછી ગુનેગારોના શરીરે મધમાખીની જેમ ચોંટી જશે.

**અન્યાયના કેસો :-**

અહાદીસ અનુસાર કોઈપણ રીતે કોઈને અન્યાય કરનાર, કોઈનો હક મારનાર, જુલમ કરનાર, ઠગાઈ કરનાર તથા કોઈ પણ પાપી અપરાધીને એ દિવસે છોડવામાં આવશે નહીં, આમ છતાં કોઈને અન્યાય કરવામાં નહીં આવે. જેણે જેવું કર્યું હશે, તેવો બદલો તેને મળશે.

અલ્લાહ ન્યાયી છે, ક્ષમાવાન છે, દયાળું છે, તે બંદાને અન્યાય કરતો કે દુઃખી કરતો નથી. ગુનાઓ માફ કરે છે. આસાનીઓ પેદા કરી આપે છે. અલબત્ત શિર્કના ગુનાને તે માફ કરતો નથી. એ જ પ્રમાણે હકૂકુલ ઈબાદ (માણસના માણસ ઉપરના હક) વિશે કરાયેલી હકતલ્ફી તે માફ કરતો નથી. એ માટે અન્યાય કર્તાઓએ અન્યાયનો ભોગ થનાર પાસે જવું પડશે અને તેની નેકી વડે અન્યાયગ્રસ્તનું નુકસાન પૂરૂં કરવામાં આવશે. એ દિવસે જાતિઓ, હક મારનાર, દગાબાજ વગેરેની સ્થિતિ અત્યંત કફોડી હશે અને મુશરિકો વિશે કલામુલ્લાહનો ફેંસલો છે.:

'(એ દિવસે) તમે (મુશરિકો) અને તે કે જેમની તમે અલ્લાહ સિવાય પૂજા કરો છો તે (સૌ) જહન્નમનું ઈંધણ બનશો. તમે તેમાં દાખલ થઈને રહેશો. (અલ-અંબિયા - ૨૧:૯૮) (ક્રમશઃ)

# અલવિદા–૨૦૨૦

# ફિર ડિસેમ્બર ગુઝર ગયા આખીર

# કોઈ ચેહરા કહીં ખીલા ન મીલા...

૨૦૨૦ વર્ષ હવે પુરો થઈ ગયો. આ વર્ષ એટલો બધો ખરાબ જશે એની કલ્પના કોઈને ન હતી. જો કે દુનિયાનો કોરોનાનો પહેલો કેસ ૨૦૧૯ના નવેમ્બર માસમાં ચીનમાં થયો હતો તેની જાણ આપણને થઈ ગઈ હતી. છતા. ભારત દેશની વર્તમાન સરકારે એને ખુબજ હળવાશમાં લીધો. ભયંકર મુસીબતનો સામનો આખાવર્ષ સુધી ઝેલવો પડયો અને હજી એ બીમારીની દવા (વેકસીન) કયારે શોધાશે તેની કોઈને પણ જાણ નથી. કમનસીબે સત્તાના સુત્રો એવા લોકોના હાથમાં છે કે પ્રજા ત્રાહીમામ પોકારી ગઈ છે.

**શ્વાસની વિવશ દશા ઈતિહાસમાં કયારે હતી ?**

**આટલી માંદી હવા ઈતિહાસમાં કયારે હતી ?**

આપણને અંગ્રેજીની ધૂંસરીમાંથી મુકત–આઝાદ થયાને આજે દાયકાઓ થયા. આ સમય દરમ્યાન દિલ્હીના સભાસ્થાને અનેક "શકિતઓ" આરૂઢ થઈ. એક વિરાટ, વિશાળ લોકશાહીની ધ્વજપતાકા વિશ્વના આકાશમાં લહેરાઈ ઉઠી. આ સમય દરમ્યાન ભારતે અનેક સિધ્ધિઓ હાંસલ કરી. સમાજ રાષ્ટ્રના અનેક વિધ ક્ષેત્રો સાથે વિજ્ઞાનમાં ય નેત્રદીપક પ્રગતિ સાધી. એનું શ્રેય આપણાં રાષ્ટ્રના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂને જાય છે. પંડિતજીમાં વૈજ્ઞાનિક અભિગમે આપણા દેશના વિકાસમાં અમૂલ્ય ફાળો નોંધાવ્યો છે. દેશ અને દુનિયાના ઈતિહાસથી સુપેરે પરિચિત પંડિતજી કુશાગ્ર, પ્રખર દીર્ઘદ્રષ્ટા રાજનેતા હતા. અભ્યાસી હતા. ભારતવર્ષના સુવાંગી વિકાસ સાંધવાનો એક સુરેખ નકશો તેમના મન વિચારમાં હતો અને એટલે જ આજે આપણે એક નક્કર ભૂમિ પર ટટ્ટાર પગે ખડા છીએ. આપણું અહો ભાગ્ય છે કે દેશના પ્રથમ વડાપ્રધાન તરીકે પંડિતજી આપણને મળ્યા. પંડિતજી પ્રતિબધ્ધ સમાજવાદી હતા. સમાજનું સર્વાંગી હિત તેમના હૈયે હતું. સત્તાભિમુખ નહીં પણ એ નખશિખ લોકો ભિમુખ નેતા હતા. દેશના કરોડો અકિંચન, શોષિત પીડિત વર્ગને સાચા અર્થમાં 'જીવતી' પ્રાપ્ત થાય તેવા તેમના સંનિષ્ઠ પ્રયત્નો હતા. લોકોને એક પ્રફૂલ્લ, સુગંધિત સુંદર ગુલાબના ફૂલ જેવું જીવન સંપડાવવું તેનો ઉદેશ હતો. તેમના એક આ દર્શના મૂર્તિમંત પ્રતીકરૂપે પોતાની કોટમાં ગુલાબનું ફૂલ રાખતા અને ટાંકતા પોતાના ઉદેશને ચરિતાર્થ કરવા મન હ્રદયથી કાર્યરત રહેતા. તે માટે તેમણે કયારેય સસ્તી, નિમ્ન સ્તરીય નૌટંકી કરી નહીં. અને લોકોના જન સમૂહના હૃદયમાં એક નિરામય, પ્રજાપ્રેમી, આર્ષદ્રષ્ટા, પ્રતિભા સંપન્ન શુધ્ધ શાસક તરીકે આરૂઢ–આસનસ્થ રહ્યા.

ખેર, આ બધું, પંડિતજીના આલોકિત અવતાર કાર્ય વિશે વિચારતો–લખતા હતા ત્યાં મારા પગની પાનીએ કર્યું નર્મ પાણી જવું સ્પર્શ્યુ. દ્રુષ્ટિ જાળી જોઉં છું તો દૂર ઉભા અદની, પીડિત નાગરિકો સાગમટે આંસુ વહાવી રહ્યા હતા. તેમનાજ ગર્મ આંસુનો રેલો મારા પગને દઝાડી ગયો હતો. મે તે લોકોના આંસુનો અર્થ પૂછયો તો કહે : મોંઘવારી ! જો કે મોંઘવારીની ઘાણીએ પિસાવી–પિલાતી જનતાના દુખ દર્દથી વાકેફ છું જ એક તરફ 'આકાશી સુલતાની' જેવા કરપીણ કોરોનાનો કહેર અને બીજી બધી બાજુથી અનેક અભાવોના અજગરનો ભરડો, ભીંસ, ગયા જનમનું વેર ! કામધંધા ઠપ્પ થઈ ગયા છે. જીવન ચલાવતા જીવન લરી ચકો થંભી ગયા છે. આવકના ફાંફા છે. એમાં મોંઘવારીએ મૂકી છે માઝા ! આ માટે કોને શવ ફરિયાદ કરવી ? કોણે સાંભળવા માટે તત્પર કર્યા છે કાન ! કોણ પોતાના તરંગી વિશ્વાસમાંથી યુરોપિયામાંથી બહાર ડોકિયું કરી નિહાળશે આ લોકની હાલાકી : દર કરશે અન્યાય, અત્યાચાર !

**શું કરું સુજાણ, બુધ્ધિ બ્હેર મારી જાય છે,**
**ચોતરફની તાણ, બુધ્ધિ બ્હેર મારી જાય છે!**

ચોતરફની 'તાણે' તડપતો, તરસતો નાગરિક જાણે હતપ્રભ થઈ ગયા છે; પોતાની નજર સામે જ પોતાનો 'શ્વાસ' લૂંટાઈ રહ્યા છે. સર્વસ્વ હણાઈ રહ્યું છે. પણ હોઠ પરથી એકે હરફ નીકળી શકતો નથી. જાણે વાચા છીનવાઈ ગઈ છે ! અહી મને આજની ક્ષણે ય પ્રસ્તુત એવી કવિ શ્રી હરિવંશરાય બચ્ચનની કવિતા સાંભળે છે ;

**દુ:ખ સેહને કો ઈતની આદી હો ગયે**
**કિ ''વિદ્રોહ'' ભાવ હી સારે ખો દિએ,**

ખરેખર, સાચી વાત છે, એક વિરાટ, જીવન પ્રશ્ને પીડાતો એક વિશાળ જન સમૂહ નર્વસ, શોકગ્રસ્ત થઈ ગયો છે, નિષ્ક્રિય થઈ ગયો છે. ડરનો માર્યો લપાઈ ગયો છે પોતાના દરમાં અને મોંઘવારીનો રાક્ષસ પોતાના ઝેરીલા પંજા ફેલાવતો જાય છે.

**ઘીરા મજબુરીયોં મે આજ કા ઈન્સાન લગતા હૈ,**
**જીઘર દેખો ઉઘર મેંહગાઈકા તુફાન લગતા હૈં**

**સીયાસતને ''વસીમ'' ઈસકો બહોત બરબાદ કર ડાલા**
**કીસી બેવા કા ઘર મેરા હીન્દોસ્તાન લગતા હૈં.**

ડિસેમ્બર મહિનાના આ છેલ્લા દિવસો... સન ૨૦૨૦ની ગુજરતી ક્ષણોની વિરમતી જતી આહર. આ સાથે જ વીતી ગયેલી સાલ મહિનાઓ, તેના દિવસ–રાત પર સહસા દ્રષ્ટિપાત કરતા હૃદય રંજ અનુભવે છે. વીતેલી સાલમાં કેટકેટલી કરૂણાંતિકાઓ સર્જાઈ ! કેટકેટલા હોનહાર દીપક અસમય, અનાયાસ જ ધૂમાડો થઈ ઉડી ગયા ! એ બધુ વિચારતા એક ગાઢ અંધારૂં ઘેરી વળે છે. એ અંધારું જે આ ક્ષણે ય અસ્તિત્વને ઘેરી ઉભું છે. પૂરેપુરું આછર્યુ નથી. એ અંધારમાંથી ઘડી ઘડી એક શબ્દ સંભળાયા કરે છે, મન હૃદયને છલણી કરતો પડઘાયા કરે છે; કોરોના ! કોવિડ–૧૯ ! કેવી તો ભયાવહ એની અર્થચ્છાયા ! કેવા તો દારૂણ એના દુષ્પરિણામો ?

આ આપણી માનવ સૃષ્ટિને, પૃથ્વીને, રહેવા યોગ્ય જગ્ગા બનાવવા મથતા પુરૂષાર્થ ખેડતા, એ સ્વપ્ન સેવીઓ, કર્મશીલો, એ ડોકટર–નર્સો–સ્વીપરો... એ સાહિત્યકારો, લેખક–કવિઓ સંસ્કૃતિ–સભ્યતાના સંવાહકો... માનવ સેવાની ધૂણીએ ધખતા સેવાભાવી દૂતો, અવધૂતો વગેરે... એ બધા, માનવજીવનની અમૂલ્ય સંપદા જેવા... પોતપોતાના વિધાયક ક્ષેત્રમાં માનવ્ય ભાવે સક્રિય સપૂતો જોતજોતામાં કાળની ગર્તામાં તલ્લીન થઈ ગયા ! કેવા તો અસહ્ય આઘાત અર્પી રહ્યું છે આ કોરોના ! આ કોરોના નામની મહામારીએ સમગ્ર સમાજ જીવનમાં એક વિઘાતક વિક્ષેપ સર્જયો છે. દુનિયા આખી એક અજાણી, અદ્રષ્ટ, બિહામણી વિભિ ષિકાએ સાશંક છે. તેની ચેતનાને જાણે ગ્રસી લીધી છે. વિરાટ માનવજીવન જાણે ઠપ્પ થઈ ગયું છે! આ બધું હોવા છતાં, કોરોનાને મહાત કરવા અનેકાનેક યોધ્ધાઓ ઝઝૂમી રહ્યા છે. હિંમતભેર આગળ વધી રહ્યા છે. વિશ્વાસને શ્વાસી રહ્યા છે. આપણે, આપણાં, માનવ સમાજના ઈતિહાસ પર દષ્ટિ કરીશું તો સમયકાળમાં આવી તો અનેક વિટંબણા, વિષમતાઓ સામે માણસ ઝઝૂમ્યો છે, અને તેને મહાત કરી માનવજીવનને ધબકતું રાખ્યું છે. થંભી ગયેલી ચેતનાને, તેના ચક્રોને પૂર્વવત્ ધુમતા કર્યાં છે. વીતેલા વર્ષમાં આપણે જે કાંઈ ગુમાવ્યું તેનો વસવસો તો રહેવાનો છે. પણ એ વિષાદ વચ્ચે ય એ જીવનને આરાધતો આગળ વધતો રહ્યો છે...

વિતેલા વર્ષમાં કાળની ગર્તામાં કોરોના ખપ્પરમાં હોમાઈ ગયેલા, જીવના વિવિધ ક્ષેત્રોમાંની વિરલ પ્રતિભાઓને યાદ કરીએ, શ્રધ્ધા સુમન અર્પીએ.

પદ્મશ્રી પંડીત આનંદ મોહન ઝુત્શી (ગુલઝાર દહેલ્વી) જેઓ દાગ દહેલ્વીના સાગીર્દેમાંથી એક હતા.

કદાવર શાઈર અને ૧૧૦–૧૧૫ જેટલા ગઝલ સંગ્રહોના સર્જક પ્રોફેશર મુઝફ્ફર હનફી.

વનથર્ડ દુનિયામાં જેમણે મુશાયરામાં ભાગ લીધો. અને જેના મરણની નોંધ આખી દુનિયાના અગ્રણી સમાચારપત્રો તેમજ ટી.વી. ચેનલોએ નોંધ લીધી એવા બેબાક શાઈર પ્રોફેસર ડૉ. રાહત ઈન્દોરી, ગુજરાતી સાહિત્યના કવિ કર્મશ્રી પ્રતિભાઓ શંકર પેઈન્ટર (લોકદુલારે), નિરવ પટેલ (પ્રખર આંબેડકરવાદી), પી.જી. પીયોનિકર, જમીલ મુજાહીદ કાનપુરી, યુ.પી. મુઝફ્ફરનગરના હરદીલ અઝીઝ શાઈર કવિ અશોક શાહીલ, પ્રોફેસર લેખક વિવેચક ડૉ. કલ્બે શાદીક (જેઓ શીયા મુસ્લિમના ધર્મગુરૂ હતા), મશહુર શાઈરા કવિત્રી ડૉ. મીના નકવી, ગુજરાતના વરિષ્ઠ કોંગ્રેસી સદ્ભાવના ના સિપાહી બધાને સાથે લઈને ચાલનારા શ્રી અહેમદભાઈ પટેલ, ચુસ્ત ગાંધીવાદી માજી કોર્પોરેટર બાબુભાઈ શેઠના, મારા સાથી માજી કોર્પોરેટર નરેન્દ્ર ગાંધી, ડૉ. અશોક કાપ્સે, ગુજરાતી ભાષાના મશહુર કવી ડૉ. દીલીપ મોદી આંતરરાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત હિન્દી–ઉર્દુના પ્રખ્યાત શાઈર લેખક આલોચક ડૉ. શમસુરર્રહમાન ફારૂકી, હીન્દી ફીલ્મોના મશહુર શાઈર કમાલ જાઈશી, અર્શ સહેવાઈ (જમ્મુ–કાશ્મીર) તેમજ અનેક મહાન હસ્તીઓ આપણા વચ્ચેથી વીદાય લઈ ગયા છે. માલીક એમની આત્માને શાંતિ આપે અને એમના પરિવાર પર આવી પડેલી આફત સહન કરવાની ઈશ્વર–અલ્લાહ શકિત આપે.

**ક્યા હોગા અગલે સાલ હમે કુછ પતા નહીં...**
**યે સાલ તો ગયા હૈ કલેજા નીકાલ કે...**

**–વસીમ મલિક**
**(પોઈટ એન્ડ રાઈટર–સુરત)**
**મો.: ૯૯૨૫૧ ૯૧૧૨૨**

# ... ઇસ્લામ :
## ... સર્વશ્રેષ્ઠ તેહઝીબ ...

અંગ્રેજી ભાષામાં તેહઝીબ માટે કે સંસ્કૃતિ માટે કલ્ચર શબ્દ વપરાય છે. દરેક દેશવાસી પોતાનાં દેશની સંસ્કૃતિ અને પરંપરાઓનો બંધનકર્તા હોવો જરૂરી છે. અને એ સંસ્કૃતિનાં બંધનોનો દુરૂપયોગ ન થાય તે માટે ધાર્મિક વિધિવિધાનો અને ધાર્મિક નિયમો તેને સાચું માર્ગદર્શન પુરું પાડે છે. અને ખુદ ઇસ્લામધર્મ દેશનાં કાયદા કાનુનો અને નિયમોને આધિન જીવન જીવવાનો દરેક વ્યકિતને નિર્દેશ કરે છે. અહી પણ એક પાતળી ભેદરેખા છે જે આપણા માનસપટ પરથી વિસરાઇ ગઇ છે. તે એ છે કે ધર્મ વિશેષને પ્રાધાન્ય આપવામાં આવે. દેશનાં વફાદાર બનવાં માટે ધર્મનાં વફાદાર બનવું આવશ્યક છે. જે વ્યકિત ધર્મને વફાદાર રેહતો નથી તો તે કદી દેશનો વફાદાર બની જ ન શકે. કારણ કે, ધર્મ જ વ્યકિતને યોગ્ય વાણી અને વર્તનની તાલીમ આપે છે. અને જીવન જીવવા માટે જો ધાર્મિક સિધ્ધાંતોને મહત્વતા ન આપે તે સમાજમાં અંધાધૂંધી અને અરાજકતાનાં નિમિત બને છે.

અહીં ચર્ચાનો મુદો એ છે કે, વ્યકિત કોઇ પણ પરિસ્થિતિમાં ધાર્મિક નિયમો અને સિધ્ધાંતોનો બંધનકર્તા છે. ધાર્મિક બાબતો વ્યકિતત્વની આગવી છાપ ઉભી કરે છે. અને મુસ્લિમ સંસ્કૃતિ એ બધી જ સંસ્કૃતિઓની સરખામણીમાં સર્વશ્રેષ્ઠ છે. પણ ખુદ મુસલમાન એ તથ્યથી અજાણ છે. ઇસ્લામ ધર્મમાં કોઇ પણ એવી બાબત છે જ નહી કે જેનું યોગ્ય માર્ગદર્શન ઇસ્લામે આપ્યું ન હોય.નબી (સ.અ.વ.) ના ઝમાનામાં એક યહુદી હઝરત અબુ હુરયરહ (રદી.) પાસે આવીને તઅન કરવા લાગ્યો અને તે કેહવા લાગ્યો કે મે સાંભળ્યું છે કે, તમારા નબી તમને ઘણું બધું શીખવે છે ! તો અબુહુરયરહ (રદી.) એ જવાબ આપતા કહયું કે, હા હા મારા નબી તો પેશાબ કરવાનો તરીકો પણ શીખવે છે. ઇસ્લામ એ જીવન જીવવાની જે પધ્ધતિ અને રીત શીખવે છે જે બીજું કોઇ શીખવી જ ન શકે.વ્યકિતનાં જીવનની હર એક ક્ષણ તેણે કેવી રીતે વીતાવવી તેનું યોગ્ય માર્ગ -દર્શન ઇસ્લામી તેહઝીબ અને ઇસ્લામી સંસ્કારો આપણને શીખવે જ છે અને એ અંગેનું યોગ્ય અને સૈધ્ધાંતિક વિવરણ ઇસ્લામ પુરૂ પાડે જ છે. છતાંય આપણા યુવાનો અને આખો મુસ્લિમ સમાજ આ ઇસ્લામીક સિધ્ધાંતોથી નાવાકિફ છે. આપણને એ વાત ગળે કેમ નથી ઉતરતી કે ઇસ્લામ જ સર્વશ્રેષ્ઠ તેહઝીબ છે ! આપણે શા માટે બીજાના તોર તરીકા અપનાવવા અને શા કારણે બીજાનુ રહન સહન અપનાવવુ ! શું આપણને ઇસ્લામ સર્વ બાબતોમાં યોગ્ય તાલીમ નથી પુરી પાડતો ! શા માટે આપણે આ ગેરઇસ્લામી તોર તરીકાઓ અપનાવી આપણી આખીરત બગાડવી ! આપણે તો રેહબર બનાવીને ખુદા તરફથી મોકલવામાં આવ્યાં હતાં આપણને બીજાની રેહબરીની આવશ્યકતા કેમ ઉભી થઇ ! શું આપણી આ ગીરાવટ અને તનઝઝુલી માટે આપણે જવાબદાર નથી ! જવાબ તમે જાણો જ છો.

ઇમાની એતેબારથી અલ્લાહ પર ભરોસો અને અમલી એતેબારથી ઉચ્ચ અખ્લાક અને સદવર્તન એ મુસલમાનની સાચી ઓળખ છે. ઇમાન હર હાલમાં અલ્લાહથી રાજી રેહવું અને તેનાં શુક્રગુઝાર રેહવાનું શીખવે છે જયારે ઇસ્લામી સંસ્કૃતિ અખ્લાક અને સદવર્તનની તાલીમ આપે છે.

ભારતમાં પ્રાચિન સમયમાં વિચારકોએ આ સંસ્કૃતિ શબ્દનો પ્રયોગ કર્યો નથી , તેમણે સંસ્કાર શબ્દનો પ્રયોગ કર્યો છે. માણસને સાચા અર્થમાં માણસ બનાવનાર આ સંસ્કારો એ વ્યકિતગત રીતે સંસ્કાર છે પરંતુ સમૂહ સંદર્ભે કે સમાજગત રીતે એ સંસ્કૃતિ છે.સમાજશાસ્ત્ર વિષય સંદર્ભે સંસ્કૃતિ શબ્દ વ્યાપક રીતે પ્રયોજાયો છે. સંસ્કૃતિ અને સંસ્કારોમાં એક પાતળી ભેદરેખા છે જેની સમજણ આવશ્યક છે. અને એ ભેદરેખા છે તેના અનુસરણની. વ્યકિત જયારે પોતાનાં જીવનની અસ્ત વ્યસ્તતાને અને તે પોતાના જીવનમાં ફેલાયેલી આ અરાજકાતા નાબૂદ કરવાનાં પ્રયાસો કરે છે અને તે સદમાર્ગે પોતાનું જીવન વ્યતિત કરવાનાં પ્રયાસો કરે છે તો એ પ્રયાસ સંસ્કાર છે અને એ માટે તે ધાર્મિકતાનાં શરણે જાય

એ સંસ્કૃતિ છે. સાહિત્યિક અનુસંધાનમાં એક પેઢી જયારે બીજી પેઢીને મૂલ્યોનો અને વિચારોનો જે વારસો આપે છે તેને સંસ્કૃતિ કેહવાય. જયારે બીજી પેઢી તેમાં ઉમેરો કરીને ત્રીજી પેઢી સુધી પોહચાડે છે આમ, આ ચક્ર ચાલ્યા જ કરે છે.અને પેઢી દરપેઢી તેમાં પ્રગતિ સધાતી રહે છે. દુનિયાની સંસ્કૃતિઓ માટેની આવી વિચારધારા છે. કે દુનિયાની બધી જ સંસ્કૃતિમાં સમયાનુસાર સુધારા વધારા થતા જોવા મળે છે. અને પછી તે એક પેઢીથી બીજી પેઢી સુધી પહોંચે છે. પણ ઇસ્લામી સંસ્કૃતિ અને સંસ્કારો આ બીજી સંસ્કૃતિઓથી અલગ તરી આવે છે.ઇસ્લામીક સંસ્કૃતિમાં એવું નથી કે પેઢી તેમાં કોઇ સુધારાઓ કરવામાં આવે. મઝહબે ઇસ્લામ એક મોઅઝઝઝ મઝહબ છે. અને અલ્લાહ તઆલાએ હઝરત નબી (સ.અ.વ.) પર દિને ઇસ્લામને મુકમ્મલ કરી દીધો છે અને આ આખરી નબી (સ.અ.વ.)ની શરીઅત કયામત સુધી ચાલશે. એમાં બદલાવને અને તેમાં તબ્દીલીને કોઇ અવકાશ નથી. હવે કયામત સુધી આજ મઝહબ, આજ શરીઅત, આજ નિતિ નિયમો અને આજ સંસ્કૃતિ અને આજ સંસ્કારો.

આટલી બધી બાબતોનું વિવરણ કરવાનો એક માત્ર તાત્પર્ય ફકત એટલો જ છે કે, આધુનિકતાનાં વલોપાત સાથે ખખડી રહેલું આ મુસ્લિમ યુવાધન રોજબરોજ દેખાદેખીનાં સથવારે આધુનિકતાની આ આંધળી દોડમાં હોમાતું જાય છે. ને આ પ્રમાણેનાં આંધળા અનુકરણથી ઇસ્લામી પરંપરા , પ્રતિષ્ઠા અને સંસ્કૃતિ ઉપર તેથી માઠી અસર પડે છે. ૧૪૩૯ વર્ષ થયાં હજીયે મુસ્લિમ સમાજનાં સંસ્કારો અને અખ્લાકનાં જગમાં સર્વથા ગુણગાન ગવાય છે અને ઇસ્લામીક કલ્ચર ૧૪૩૯ વર્ષ પછી પણ એક સુપર કલ્ચર તરીકે ઓળખાય છે ને વિશ્વની સંસ્કૃતિઓ-નાં ટોચનાં શીખરે બીરાજમાન છે ત્યારે ખુદ મુસ્લિમ સમાજનાં સભ્યો ઇસ્લામિક આદર્શોને કેટલાં અંશે અનુસરે છે ? મુસ્લિમ સમાજસભ્યો કેટલુ ઇસ્લામી સિધ્ધાંતોનું પાલન કરે છે ? આપણી અહાદીષની કિતાબો અને સંસ્કાર સાહિત્યમાં મૂલવાયેલ માનવ મૂલ્યો, નીતિ- વિષયક સિધ્ધાંતો અને સામાજિક મૂલ્યોનું આપણે પાલન કરીએ છીએ ખરા ? દરેક સમાજ સભ્ય આ પ્રશ્નનો જવાબ બખૂબી જાણે જ છે જે કેવાની જરૂર નથી.

તેહઝીબે ઇસ્લામની શ્રેષ્ઠતા દર્શાવતી આકાશી કિતાબ કુર્આનમાં એક માનવ સમાજ કેવો હોવો જોઇએ, તેમાં દર્શાવેલાં માનવ સિધ્ધાંતો, દર્શિત સામાજિક મૂલ્યો અને આજનો મુસ્લિમ સમાજ જે જીવન જીવી રહયો છે તેમાં જમીન આસમાનનો ફર્ક છે. આ બાબત કેહવા સાંભળવામાં ભલે ગળે ન ઉતરે પણ એનાથી સત્યને નકારી ન શકાય. સંસ્કૃતિ થકી સભ્યતાનો જે વિકાસ થવો જોઇએ તે આપણા જીવનથી અને જીવનશૈલીથી કોસો દૂર છે. મુસ્લિમ સમાજસભ્યોમાં વધી રહેલાં યુરોપીય જીવનશૈલીનાં એ સમાજને પતન અને વિનાશનાં માર્ગે લઇ જશે એ વાત નકકી છે. અને આમ આધુનિકતાનાં નામે થતાં ધતિંગો આપણને અને આપણી ઇસ્લામી સંસ્કૃતિનો વિનાશ કરશે એમાં બે મત નથી. આ પશ્ચિમી સંસ્કૃતિઓનું અનુકરણ આપણને ખૂબ મોઘું પડશે એ તથ્યને નકારી ન શકાય. ખરેખર તો આપણે પરસંસ્કૃતિનું જે અનુકરણ કરીને ઇસ્લામી સંસ્કૃતિને અમલી તૌરપર નકારી રહયા છીએ અને તેનું અપમાન કરી રહયાં છીએ.

આપણાં દરેક કામો સુન્નતને આધારે થવાં જોઇએ તેને સ્થાને આધુનિકતાનાં અભરખા શરૂ થયાં છે. પશ્ચિમનાં રંગે રંગાઇને આપણે આપણી આખીરતને જ વાસ્તવમાં નુકશાન પહોંચાડી રહયાં છીએ. આતો આપણે આપણી સ્વતંત્રતા પશ્ચિમને સોંપી રહયાં છીએ. જીવન અને સંસ્કૃતિ બંને એક બીજાનાં પૂરક છે બંને એકબીજા સાથે સંકળાયલી બાબત છે. સંસ્કૃતિ ટકાવવા માટે જીવન જરૂરી છે અને જીવનની સાર્થકતા માટે સંસ્કૃતિ આવશ્યક સાધન છે. સંસ્કૃતિ વગરનું જીવન નિરર્થક છે. તેથી જ તો કાકાસાહેબ કાલેલકરે લખ્યું છે કે, જીવન જો ધરતી છે તો સંસ્કૃતિ તેનું સ્વર્ગ છે. અને બંનેનાં મિલનમાં જ બંનેની સાર્થકતા રહેલી છે. આલમી નબીનો ઉમ્મતિ આમ ઉધાર તરીકાઓ સાથે જીવન વ્યતિત કરે તો આ કયા પ્રકારની ફરમાબરદારી છે !

આખો સમાજ આજે એ બાબત પર વિચાર વિમર્શ કરે કે,સાંપ્રત સમયમાં આપણી જીંદગી કયા પ્રવાહે વહી રહી છે? આપણા અસ્લાફ કેવા હતાં અને આપણે કયાં છીએ? એક મુસલમાન તરીકે મારું જીવન કેવું હોવુ જોઇએ અને આજે લોકો મને કઇ કેટેગરીમાં મૂકે છે? સુન્નતનાં એતેબારથી આપણે વિચારીએ તો બેસીને પાણી પીવાની આપણને નાનમ લાગે છે, બૂફે ડિનરનાં નવાં ધતિંગો શરૂ થયા છે, ગુટીનાં ઉપર પેન્ટ આપણને મંજૂર નથી, ખાવામાં હલાલ હરામની કોઇ તહકીક નથી, એક સરખા સુન્નતી વાળ આપણને પસંદ નથી, શિરે સુઘરીએ માળો બનાવ્યો હોય એવી આપણી હેર સ્ટાઇલ, ક્રિકેટર દાઢી રાખે તો આપણો યુવાન પણ દાઢી રાખી લે અને તે કેપરીનાં નામે ટૂંકો ચડડો પહેરે તો આપણે પણ તે પહેરી ગલીએ ગલીએ જતાં શરમાતાં નથી અને પાછા કહીએ પણ છીએ કે, IT'S FASHION. શું આ યોગ્ય છે ખરૂં? અહીં બેહનો બોયકટ રાખે અને ભાઇઓ ચોટલાઓ વાળી ગલીએ ફરે છે, અમેરીકાની એક ટેક્ષટાઇલ કંપનીએ ત્યાંની કર્મચારી મહીલાઓ માટે કેપરી બનાવી જે આપણા ભાઇઓ પહેરે છે અને ભાઇઓનાં ટી-શર્ટ બહેનો પહેરે છે, એથી આગળ વાત કરીએ અખ્લાકની તો એમાં આપણે ઝીરો છીએ. અને મામલાત અને માશરાતમાં પણ આપણી ભૂમિકા દયનિય છે. ઇલ્લા માશાલ્લાહ કોઇ હશે જે ઇસ્લામી અકાઇદ અને ઇસ્લામી કાનૂન વ્યવસ્થા મૂજબ જીવન જીવતાં હશે બાકી તો મોટા તબકામાં પાંગળાપણું જ જોવાં મળે છે.

ઇસ્લામી અકાઇદ અને વ્યવસ્થામાં કોઇ દખલઅંદાઝી કરે તો આપણે તેનો પ્રતિકાર કરીએ છીએ, નબીની કોઇ તોહીન કરે તો આપણે તેનો વિરોધ કરી તેને સબક શીખવવાનાં અને તેની સામે કાયદેસર પગલાં લઇએ છીએ જે બાબત બીલકુલ યોગ્ય અને સરાહનીય છે પણ એથી આગળ હું કહું કે એ જ નબીની સુન્નતોને આપણે સરેઆમ ત્યજી દીધી છે તો શું આ નબી (સ.અ.વ.)ની તોહીન નથી? શું આપણે ખુલ્લેઆમ નબીની સુન્નતોને છોડી દઇને નબીની સુન્નતો અને ખુદ નબી (સલ.) નું અપમાન નથી કરી રહયાં? લગભગ મારે જવાબ વાળવાનો રેહતો નથી.

આપણી તેહઝીબ અને સંસ્કૃતિનું મૂળ ખરા અર્થમાં આ સુન્નતો જ છે. ખુદા સુધી પહોંચવાનો સૌથી સરળ માર્ગ નેક આમાલ ને સુન્નતોની પેરવી છે. જે માર્ગ અને જીવન જીવવાનો જે તરીકો નબીએ બતાવ્યો એ જ આપણી સંસ્કૃતિનું પાયાનું મૂળ છે. હજીયે સમય છે આપણી પાસે...

... આપણા ઇમાનની ફિકર કરીએ.
... આપણી ઝિંદગી સુન્નતો પર લાવીએ.
... આપણા મામલાત અને માશરાત સુધારીએ.
... આપણા આપસી તાલ્લુકાત કેળવીએ.
... વાણી, વર્તન અને વિચારોમાં હકારત્મકતા અને પારદર્શિતા કેળવીએ.
... કોઇપણ વાદ - વિવાદને ત્યજી દઇને સંબંધોની માવજત કરીએ.
... અહંકાર નહી આભાર માનીએ.
... વડીલોને માન આપીએ,નાના પર રહમ કરીએ.
... હાથથી તો નહી જ ઝબાનથી પણ કોઇને કોઇ પણ જાતની તકલીફ ન આપીએ.
... કોઇનાં પર આંગળી ન ઉથાવીએ.
... બધા મને મારાથી સારા લાગવા લાગે.
... ગીબત, ચૂગલી અને તોહમત લગાવવાથી ખૂબ બચીએ.
... ચાલબાઝ કદી ન બનીએ. ચાલબાઝ જન્નતમાં જશે નહિ.
... હરામનો એકપણ પૈસો કે હરામનો એકપણ લુકમો ન મેળવીએ. હરામની એકપાઇ નસ્લોએ રડી રડીને ચૂકવવી પડે છે.
... ચોવીસ કલાકમાંથી થોડો વખત પાલનહાર માટે જરૂર કાઢીએ.

જો આમ થશે તો ઉમ્મીદ છે .....

"ઇસ રાતકી ફિર સુબહ જરૂર આએગી,
સુન્નતોસે ઝિંદગીયાઁ ફિર ઝગમગાએગી."

(ઇન્શાઅલ્લાહ)

(પટેલ મ.સાલેહ મકબુલહુશેન- નૂર લિંડીયાતવી..)

## ભારતમાં પ્રવર્તતી નવી આઝાદી

- નબીલા યુનુસ લીંબાડા(મુ.પો.હથુરણ)

ભારતને 'આઝાદ ભારત' બનાવવા અંગ્રેજોની ગુલામીની ઝંઝીરો તોડી આઝાદીના લડવૈયાઓએ પોતાના શ્વાસ ત્યજી આપણને સ્વતંત્રતાના શ્વાસ અર્પયા છે એ માટે ભારતવર્ષ હંમેશા એમનું ઋણી રહેશે. પરતું આજે સત્તાએ સ્વાર્થ ખાતર સ્વતંત્રતાનું ગળું દબાવી નવી આઝાદીનો ધાંચો ઘડ્યો છે, જે માનવ અધિકારોનું હનન કરે છે. આને અનુસરીને મતદાતા સ્વતંત્ત્રાની એક કાચી અને અંદરથી ખખડી ગયેલી વ્યાખ્યા લઈને ફરે છે.

જો વાત કરીએ વાણી સ્વતંત્રતાની તો આજની સત્તા તમને ત્યારે જ વખાણશે, જ્યારે તમે વાણી થકી એમની પ્રશંસાના પૂલ બાંધો. જો તમે તમારા મત પ્રસ્તુત કરવાની ભૂલ કરી બેઠા તો તમારા પર દેશદ્રોહીનો ઠપ્પો લગાડી દેવામાં આવે છે.

જરા ડોક્યું તો કરો ઈતિહાસમાં, તો ખબર પડશે કે ભારતભૂમિની શૌર્યગાથા આજે કરુણગાથામાં ફેરવાઈ ગઈ છે! અને લોકો માનવા તૈયાર જ નથી કે **'देश नही बीकने दूंगा'** ના વ્યંગમાં આજે દેશ આખો વેચાઈને મરણ પથારીએ પડ્યો છે.

હા, તો આ નવી આઝાદી તમને બોલાવાનો અધિકાર તો આપે છે પરતું આ વાણી થકી ફક્ત પ્રશંસાના ગુલાબી પુષ્પો જ ખરવા જોઈએ અને જો લીંબડાના પાંદડાથી સ્વાગત કરાયુ તો એના વૃક્ષને મૂળ સહિત ઉખાડી નાંખવાના પ્રયાસ કરવામાં આવે છે. આવા અનેક ઉદાહરણો છે.

સ્વતંત્રતા કે આઝાદીને જ ખરેખર જીવન કહેવામાં આવ્યું છે અને આપણું બંધારણ ધર્મ, નસ્લ, જાતિ, લિંગ અથવા જન્મને આધારે ભેદભાવની અવગણના કરે છે. પરતું આપણું વોટ બેંકિંગ તો ધર્મ અને જાતિના ભેદભાવ પર જ તો ઉભું છે. તો સાચા અર્થમાં નવી આઝાદીના માળખાએ સમાનતાના અધિકારનું હનન કરી 'ભાગલા પાડો અને રાજ કરો' ની નવી નીતિ અપનાવી છે.

મોબલિચિંગની અનેક ઘટનાઓ 'ધાર્મિક સ્વતંત્રતા ના અધિકાર' ને ધક્કો મારી નવી આઝાદીની માળખા તરફ ઈશારો કરે છે.

'શિક્ષણ સંબંધી અધિકાર' ની ઝાંખી વિનામૂલ્યે સફાઈ કર્મચારીનું કાર્ય કરતા બાળકમાં દેખાય આવે છે.

'શોષણ વિરુદ્ધ અધિકાર' પર નજર નાંખીએ તો આજે ઉચ્ચ ન્યાયાલય અને સી.બી.આઈ જ આંખે પાટો બાંધી સાચા પુરાવાઓને અવગણી ખોટા પુરાવાઓ પર ચુકાદો સંભળાવતી હોય તો દેશની નિમ્ન કક્ષાની ન્યાયાલયની તો વાત જ શું !

આમ કહેવું જરાય ખોટુ ન હશે કે આજે સત્તાઓ આઝાદીની એક નવી વ્યાખ્યા અને મૂર્તિનું નિર્માણ કર્યું છે અને અફસોસ તો એ વાતનો છે કે બધી ઘટનાઓથી પરિચિત હોવા છતા આજે લોકો અજાણ બની સાચી સ્વતંત્રતાની અવગણના કરી નવી આઝાદીને માંગી રહ્યા છે ! અંતે મને બસ એક પ્રશ્ન થાય છે.

''લખું શા કાજે ?
રિશ્વત ખુદાનેય,
અપાય અહીં.'' ■

## નાગરિકતા

- જાવિએર ઝામોરા

એ સાફ હતું કે એ લોકો ભૂખ્યા હતા
એમના ગાડાં ખાલી કપડાં એમના ખાલી હાથમાં
એ લોકો ભૂખ્યા હતા કેમકે એમના હાથ
ખાલી હતા એમના હાથ કચરાપેટીઓમાં
કચરાપેટીઓ શેરીઓ પર
ડામરની શેરીઓ લાલ ધૂળ પર ધૂળ જેના માટે લોકો કરવેરો ચૂકવે છે.
પેલી અદૃશ્ય સરહદ સુધી દૃશ્યમાન ઘાટો સફેદ રંગ
દૃશ્યમાન બૂથ દૃશ્યમાન વાડ સાથે જે બૂથ પાસેથી શરૂ થાય છે
બૂથ રસ્તો બૂથ રસ્તો બૂથ રસ્તો કાર્યાલયનું મકાન પછી વાડ
વાડ વાડ વાડ
એ શરૂ થાય છે ખૂણા માંથી એક લોખંડના થાંભલાથી
હંમેશા એક લોખંડનો થાંભલો શરૂઆતમાં
પેલા માણસો પેલી સ્ત્રીઓ ચાલી શકે છે બૂથોની વચ્ચેથી
શ્વેત કે ઘઉવર્ણા અફસરોને હાય કહી શકે છે સમસ્યા નથી
સમસ્યા હું માનું છું ગાડાં પટ્ટાઓ જેકેટ્સ હતાં.
અમારી પાસે એકેય નહોતાં.
અથવા કદાચ સમસ્યા જ નહોતી
અમારી ચામડી સૂર્યથી તતડેલી અમારામાંના બધા સ્પેનિશ બોલતા હતા
અમને ખબર નહોતી કેવી રીતે એ લોકોના આવા હાલ થયા હતા પેલી બાજુ પર
અમને ખબર નહોતી કેવી રીતે અમે અહીં આવી ચડ્યા
અમને ખબર નહોતી પણ અમે સમજતા હતા કેમ એ લોકો ચાલે છે.
વિરુદ્ધ દિશામાં અન્ન ખરીદવા આ બાજુ પર
આ બાજુએ અમે બધા જાણીએ છીએ તો માત્ર ભૂખ ■

## ... સચ્ચાઇ : એક ઉત્તમ ઘરેણું ...

માનવી મૂલ્યોથી શોભે છે અને માનવતાથી તે મ્હેકે છે. વ્યકિતત્વ વિકાસનું પ્રથમ સોપાન જ સારા સંસ્કારો છે. કોઇપણ સમયે કોઇપણ સ્થળે વ્યકિતની સાચી ઓળખ તેનું વાણી વર્તન અને તેની વ્યવહારશૈલી અને તેનાં માનવ મૂલ્યો જ ઉજાગર કરે છે. એ અલગ બાબત છે કે આજે સૌ પોતાની ઓળખ અને છાપ ઉભી કરવા માટે અને પોતાને સાચા સાબીત કરવા માટે નિરર્થક અને નિર્મમ ધમપછાડાઓ કરે છે.

૨૧ મી સદીને વિજ્ઞાન અને ટેકનોલોજીની સદી માનવામાં આવે છે. વિજ્ઞાનની મદદથી અવનવી શોધો થઇ છે જેણે માનવ જીવનમાં અનેરાં અને અમૂલ્ય પરિવર્તનો આણ્યાં છે. આ ટેકનોલોજીએ જેમ માનવ જીવનને સરળ બનાવ્યું છે તેમ આ ટેકનોલોજીએ ઘણા અનિષ્ટોનું પણ સર્જન કર્યુ છે. ઘણી અસામાજિક બાબતોને પણ તેણે ઘણું ઉત્તેજન આપ્યું છે. એક અવાજ આજે આખી દુનિયામાં ઉઠી રહી છે કે કમાણીમાં બરકત નથી. આજે માનવ સમુદાય આખેઆખો પરેશાન છે. દરેકેદરેક વ્યકિત આજે રોદણા રડતો જોવાં મળી રહ્યો છે. વ્યકિત ચાહે પાંચ હજારનો પગારદાર હોય કે અબજોનો ધણી દરેક ક્ષણે ઓછું કમાઇએ છીએ એવો ભાસ અનુભવે છે. ક્ષણેક્ષણે તે સંપતિ ભેગી કરવાના મૂડમાં અને તેની જ ભાગદોડમાં વ્યસ્ત છે. હાલાકે પૂર્વજો કરતાં તે સારું કમાય છે અને સારી એવી સંપતિનાં માલિક હોવાં છતાં પણ એકેએક વ્યકિત અંદરથી જાણે એકદમ મરી પરવારી હોય એ બાબતની પ્રતિતિ થાય છે. આનું કારણ શું છે તમે જાણો છો? આપણા નોકરી ધંધા અને વાણિજય વ્યવસાયો નરા જુઠાણા પર ચાલે છે. નાની રેંકડીવાળાથી લઇને મોટા બીઝનેસમેન સુધી અને નોકરીયાતથી લઇને બોસસુધી દરેક ફિલ્ડમાં નરાં જુઠાણા ચાલે છે. આપણું એકપણ ફિલ્ડ એવું રહ્યું નથી જયાં લોકોને છેતરવાનાં અવનવાં માર્ગો ન અપનાવાતાં હોય.કોઇ જાહેરમાં મારે છે તો કોઇ મીઠાબોલે મારે છે.અને ઓળખીતાં તો વધારે મોંઘા પડે છે. એકપણ સ્થળ એવું નથી કે, જયાં આગંતુક સાથે સ્વસ્થ અને સુગમ્ય વ્યવહાર થતો હોય. આપણા તો રેંકડીવાળાથી લઇને કંપનીવાળાઓ સુધી નર્યુ જુઠ ચાલે છે. ને પાછાં મજાથી કહે પણ છે કે, જો જુઠુ ન બોલીએ તો ધંધો-વેપાર ચાલે જ કઇ રીતે! આ એક નરી વાસ્તવિકતા છે.

શાકભાજીવાળો તાજા જ છે એમ કહીને વાસી શાકભાજી ગ્રાહકને પકડાવી દે છે, દૂકાનદાર પણ નફો નુકશાન બતાવ્યાં વગર ગ્રાહકને માલ વેચી દેવાનાં ચકકરમાં છે , માલીક ઓછુ કામ છે આમ કહી મજૂર પાસે વેઠ કરાવે છે વધુ કામ લે છે તો મજૂર સાહેબ બધુ કામ થઇ ગયું આમ કહી કામ અધુરું કે અવ્યવસ્થિત કરીને કામચોરી કરે છે. શાળા - કોલેજોમાં જે પોતાની પાસે બેસ્ટ છે તે બાળકોને ન પીરસીને પગારને લક્ષમાં રાખીને અભ્યાસક્રમ કયારે પૂરો થાય તેનાં પ્રયાસો થાય છે, કોઇપણ કામ પારપાડવાનું હોય તો ખિસ્સું ગરમ કરવું પડે છે, ગૂંચવાયેલું સીધું કરવામાં વજન તો મૂકવો જ પડે છે, મોટા ઓફિસરો સુધી પહોંચવું હોય તો પટાવાની ચાયપાની અને કાગળ કામ હોય તો પેટપૂજાનાં કિસ્સાઓથી હું અને તમે આપણે સૌ કાંઇ અજાણ નથી, કમીશનોનાં ટકા પૂરાં કરતાં કરતાં માનવી ટકો થઇ જાય છે, કામ કઢાવવાં માટે ખૂશામદો થાય છે, ને જુકીજુકીને આભાર મનાય છે, ગધેડાને બાપ બનાવી દેવાય છે. શું આ સર્વે જુઠાણા નથી? શું આપણા સમાજ જીવનમાં આપણે આ બાબતોનો સામનો નથી કરી રહ્યા ? જીવનની દરેક ક્ષણે વ્યકિત કંઇક હાંસલ કરવાનાં ચકકરમાં ઘણું બધું ગુમાવે છે. સાંભળ્યુ છે કે કઇક મેળવવા માટે કંઇક ગુમાવવું પડે છે પણ હવે તો સ્થિતિ એટલી ગંભીર બની છે કે કંઇક મેળવવા માટે ઘણું બધું ગુમાવવું પડે છે.

ઇસ્લામ ધર્મ વ્યકિતને તેનાં રૂતિન જીવનથી વેપાર ધંધા સુધી અને સંસારથી માંડીને તેનાં વ્યવહારિક જીવનનાં તમામ પાસાઓનું યોગ્ય માર્ગદર્શન આપે છે. અને આ માર્ગદર્શનમાં તે સર્વપ્રથમ સચ્ચાઇની તાલીમ આપે છે. સચ્ચાઇ સાથે જીવનની તમામ પ્રવૃતિને પાર પાડવાની સમજ આપે છે. દુકાનદારે દુકાન ચલાવવાથી લઇને માલીકે મઝદૂર સાથે કેવું વર્તન કરવું તેની સમજ પણ આધ્યાત્મિકતા જ આપે છે. સત્ય છે ત્યાં બરકત છે અને સત્ય નથી ત્યાં બેબરકતી છે અને આજે આ પુરું નથી થઇ રહેતું તે આ વેપાર ધંધાનાં જુઠાણાનાં લીધે છે. જુઠું ન બોલીએ તો ધંધો કેમ કરી ચાલે આવી ઉદગારી છતકબારી કાઢનારા એ કેમ ભુલી જાય છે કે, જૂઠ જ તો પુરૂ નથી થતુંના રોદણાં રડાવે છે. તેઓ આમ કેમ ભૂલી જાય છે કે, રોઝીનો માલીક અલ્લાહ છે! અને તે માટે તેણે કોઇની આવશ્યકતા રેહતી નથી તો તે તમારા જુઠનો જરૂરતમંદ કેવી રીતે હોઇ શકે? શું આ વાત સાચી નથી? તેની રિઝકની નેઅમતને માટે તેને આપણા જુઠાણાનો સહારો નથી લેવો પડતો.

મહંમદ પયગંબર (સ.અ.વ.)નાં બોધવચનો માં છે કે, જુઠ બોલનાર કદી જન્નતમાં ન જશે. અને આપણો તો આખો મઆશરો જ જુઠાણાની નીવ પર ઉભો છે. અને હેરહેર જુઠાણાનો આસરો લેવાય છે. ક્યાંક કામ બનાવવા માટે તો ક્યાંક કામ બગાડવા માટે, ક્યાંક નામ કમાવવા માટે તો ક્યાંક નામ બદનામ કરવા માટે, ક્યાંક ધંધા વેપાર વિકસાવવામાં તો ક્યાંક વેપાર વ્યવસ્થા ટકાવી રાખવા માટે. શું આ સાચું નથી? દરેક ફિલ્ડમાં આજે જુઠાણું જાણે કે એક નેકી બની ગઇ છે. હવે જુઠુ બોલતી વેળા એકવાર પણ આપણને એ એહસાસ થતો નથી કે આપણે શું કરી રહ્યાં છીએ. જુઠુ બોલનાર વ્યકિત એવું સમજે છે કે તે સામેવાળાને છેતરી રહ્યો છે પણ એવું નથી એ જુઠુ બોલનાર વ્યકિત વાસ્તવમાં પોતાની જાતને જ છેતરે છે. સત્ય વ્યકિતને હમેશા સતમાર્ગે લઇ જાય છે અને અસત્ય એ વ્યકિતને ગેરમાર્ગે દોરી જાય છે. સત્ય વ્યકિતને જીવનમાં સિધ્ધાંતવાદી બનાવે છે, અને અસત્ય બોલનાર વ્યકિતએ ઉધાર વિચારધારા સાથે જીવન વિતાવવું પડે છે. અને અસત્ય બોલનારે તો એ અસત્ય કે જુઠને છુપાવવા માટે એક હજાર જુઠ બોલવાં પડે છે. ને એ જુઠ વ્યકિતને લોકો સાથે ધોકાબાજી કરવાની લટ લગાડે છે. કોઇકને છેતરવા માટે જુઠાણાનો ઉપયોગ વ્યકિતને જીવનમાં સઘળુ મેળવી લીધા પછી પણ તેને જીવનમાં ખાલીપણાનો એહસાસ કરાવે છે.

અપમાન સામે માન સન્માનનો પ્રભાવ પડે છે, હિંસા સામે અહિંસાનો પ્રભાવ પડે છે તેમ અસત્ય સામે હંમેશા સત્યનો વિજય થાય છે.જેમ ગંદકી પાણીથી સાફ થઇ જાય છે અને જેમ શરીર ઉપરની ગંદકી સાબુથી સાફ થઇ જાય છે તેમ ખરાબ વિચારોની દુષ્ટતા અને સામાજીક અને જીવનની વ્યવહારિક વિટંબણાઓ સત્યનાં માર્ગે સચ્ચાઇનાં માધ્યમથી દૂર થઇ જાય છે. સત્ય બોલવું જ માણસને સફળતા અપાવે છે ને સત્ય બોલવું જ વ્યકિતને સન્માનનીય બનાવે છે. અને સત્યનો જ હમેશા વિજય થાય છે. અને વિશ્વનાં તમામ મહાપુરૂષોનો કાર્યકાળ આ વાતનો સાક્ષી છે. અને હદીષે મુબારકામાં પણ છે કે, સત્ય બોલશો તો નજાત પામશો . પોતાનાથી થયેલી ભૂલને સંતાડવા માટે જુઠાણાઓનો ઉપયોગ થાય છે જે વ્યકિતને વધુમાં વધું જુઠુ બોલવા માટે પ્રેરે છે અને હકિકત કે સાચી બાબત એવી વસ્તુ છે જે છતી થવા વગર રહેતી નથી. તેથી જુઠુ બોલીને ભૂલોને સંતાડવા કરતાં સાચું બોલીને તથ્યનો સામનો કરી તેનું યોગ્ય નિરાકરણ લાવવું વધારે યોગ્ય છે. સચ્ચાઇ તો સુકુનની ઉંઘ અપાવે છે.

(પટેલ મ.સાલેહ મ.હુશેન- નૂર )

## શ્રદ્ધા, અશ્રદ્ધા અને અંધશ્રદ્ધા

આજે હું અહીં સાદી રીતે શ્રદ્ધા, અશ્રદ્ધા અને અંધશ્રદ્ધા વિષે ટૂંકમાં વાત કરીશ.

શ્રદ્ધા એટલે ધર્મમાં, ઈશ્વરના હોવામાં શ્રદ્ધા. અશ્રદ્ધાળુ લોકો ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર કરતા નથી અને અંધશ્રદ્ધાળુઓ અખો કહે છે એમ પથ્થર એટલા દેવ પૂજે છે. તેઓ સાધુઓ અને બાબાઓમાં સારા નરસાનું ભાન ભૂલીને બુદ્ધિને સહેજ પણ તસ્દી આપ્યા વિના ફસાય છે.

શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે અશ્રદ્ધાળુઓ હોય છે. કાર્લ માર્કસે ધર્મની સરખામણી અફીણ સાથે કરી છે. જો કે એના શબ્દોમાં ધર્મ પ્રત્યેની શ્રદ્ધામાં ક્યાંય તિરસ્કાર નથી. એના શબ્દોમાં ક્યાંય ધર્મની હાંસી, અવહેલના કે ધિક્કાર નથી. શ્રધ્ધાળુઓ તરફ તિરસ્કાર નથી.

જો કે, કોઈપણ ધર્મ બહુ ઝડપથી સંપ્રદાયમાં ફેરવાય જાય છે. એમ માર્કસની સામ્યવાદી વિચારધારા પણ એક સંપ્રદાય જ બની ગઈ છે.

ટોલ્સ્ટોયે એકવાર રશિયન સાથી લેખક મેક્સિમ ગોર્કીને પૂછયું હતું, 'તમે કેમ ઈશ્વરમાં માનતા નથી.'

'મને શ્રદ્ધા નથી.' મેક્સિમ ગોર્કીએ જવાબ આપ્યો હતો.

'એ વાત સાચી નથી.'

ટોલ્સ્ટોયે કહ્યું હતું 'માણસ સ્વભાવથી જ શ્રદ્ધાળું હોય છે. ઈશ્વર વિના એને ચાલતું નથી. તમને એ વાતનો અનુભવ થશે જ તમે સ્વભાવે અક્કડ છો એટલે ઈશ્વરમાં માનતા નથી. અને આ દુનિયા જેવી હોવી જોઈએ એવી નથી એ વાતથી તમને આઘાત લાગે છે. કેટલાક માણસો એટલા શરમાળ હોય છે કે પોતાને ઈશ્વરમાં શ્રદ્ધા છે એમ કહેતાં એમને શરમ આવે છે. કેટલાક માણસોને આપણે જોઈએ છીએ કે તેઓ કોઈક સ્ત્રી સાથે પ્રેમમાં હોય છે પણ એનો એકરાર કરવાની હિંમત એમનામાં નથી હોતી. શ્રદ્ધા એટલે ઉત્કટ પ્રેમ, તમે વધુને વધુ પ્રેમ કરો એટલે એ પ્રેમ એની મેળે જ શ્રધ્ધા બની જશે.

ટોલ્સ્ટોયની વાતમાં શ્રદ્ધા વિશેની સમજ છે.ધર્મમાં પ્રેમનું અને પ્રેમમાં ધર્મનું રહસ્ય રહેલું છે.

જીવનનું રહસ્ય શોધવાના માનવીના પ્રયત્નોમાંથી ધર્મ તરફની શ્રદ્ધાનો ઉદ્‌ભવ થયો છે. સંશોધન અને સંશોધન દ્વારા પ્રાપ્ત થયેલા જ્ઞાનનો સ્વીકાર એટલે વિજ્ઞાન. જગતના મહાન વૈજ્ઞાનિકોના નામ લઈએ તો આર્કિમિડિઝથી આઈન્સ્ટાઈન સુધીના વૈજ્ઞાનિકો આસ્તિક એટલે કે શ્રદ્ધાળુઓ હતા. વિશ્વના રહસ્યોનો પાર પામવા પ્રયત્નો કરનાર એ મહાન વિજ્ઞાનીઓએ પોતાના મસ્તક જગન્નિયંતા સામે ઝુકાવી દીધાં હતા. વિજ્ઞાનનો આશરો લઈને મિડિયોકર ફિલસૂફો કે તર્કશાસ્ત્રીઓ ઈશ્વર તરફની શ્રદ્ધા રાખવાનો ઈન્કાર કરે છે. પણ ન્યૂટન એડિસન કે આઈન્સ્ટાઈને એવો ઈન્કાર કર્યો નથી.

જો કે, ઈશ્વરના સ્વરૂપનો ખ્યાલ સામાન્ય માનવીના ખ્યાલથી તદ્દન અલગ હોઈ શકે છે. કુદરતને સમજવાના પૂરા પ્રયત્નોમાંથી ઈશ્વર કે કુદરત તરફની એમની શ્રદ્ધા જન્મેલી હોય છે. અને એટલે જ એને આપણે શ્રદ્ધા કહી શકીએ છીએ.

ન્યૂયોર્ક એકડેમી ઓફ સાયન્સીઝના એક વખતના પ્રમુખ એ. ક્રેસી. મોરિસને 'મેન ડઝ નોટ સ્ટેન્ડ અલોન' માં વૈજ્ઞાનિક તરીકે પોતે ઈશ્વરમાં શા માટે શ્રદ્ધા ધરાવે છે એના કેટલાક કારણો આપ્યાં છે. પુસ્તકમાં ઢગલાબંધ વૈજ્ઞાનિક ઉદાહરણો આપ્યા છે એટલે પુસ્તક વાંચવા જેવું છે.

એમણે લખ્યું છે કે પૃથ્વી ઉપર જે જીવન પાંગર્યું છે એ માત્ર ચાન્સ, અકસ્માત કે શકયતાઓને કારણે જ પાંગરી શકે નહિ. પૃથ્વી એની ધરીની આસપાસ હજાર માઈલની ગતિથી પરિભ્રમણ કરે છે. જો એ કલાકના સો માઈલની ઝડપે ભ્રમણ કરતી હોય તો દિવસ અને રાત અત્યારે છે એ કરતાં દસગણાં લાંબા થઈ જાય. અને એમ બને તો સૂર્યના પ્રખર તાપમાં બધી જ વનસ્પતિ બળીને ભસ્મ થઈ જાય અને રાતની

ઠંડીમાં ઝાડપાન ઠીંગરાઈ જાય. પૃથ્વી સૂર્યથી એટલા ચોક્કસ અંતરે રહે છે કે સૂર્યની ગરમી પૃથ્વી ઉપરની જીવસૃષ્ટિને જોઈતી હૂંફ આપે છે અને જીવનને શક્ય બનાવે છે. જો સૂર્ય એની અડધી ગરમી ગુમાવી દે તો જીવસૃષ્ટિ ઠૂંઠવાઈને નાશ પામે અને જો ગરમી દોઢી થઈ જાય તો બાળીને બધું ખાક થઈ જાય.

પૃથ્વી સાડા ત્રેવીસ ડિગ્રી નમેલી છે એટલે જુદી જુદી ઋતુઓનું નિર્માણ થાય છે. જો પૃથ્વી નમેલી ન હોત તો મહાસાગરોની વરાળ ઉત્તર અને દક્ષિણમાં ધસી જાત. જો ચંદ્ર અને પૃથ્વી વચ્ચેના અંતરમાં પચાસ હજાર માઈલનો તફાવત હોત તો પૃથ્વીના બધા ખંડો ભરતીમાં દિવસમાં બે વાર પાણીમાં ડૂબી જાત પૃથ્વીનો પોપડો જો દસ જ ફૂટ વધારે જાડો હોત તો પૃથ્વી ઉપર ઓક્સિજન વાયુ જ ન હોત.

જો આપણું વાતાવરણ વધુ પાતળું હોત તો આકાશમાંથી ખરતી ઉલ્કાઓના ટૂકડાઓ વાતાવરણમાં જ સળગી જઈને નાશ પામવાના બદલે પૃથ્વી ઉપર આવી પડત અને પૃથ્વી ઉપર ચારે તરફ આગ આગ ફેલાઈ જાત.
આવા અનેક દાખલાઓ આપીને એમણે ઈશ્વર - કુદરત તરફની માનવીય શ્રધ્ધાને બળ પૂરું પાડયું છે.

ખગોળશાસ્ત્રી જોહન્નિસ કેપ્લર હોય કે એડિસન હોય, ભૌતિકશાસ્ત્રી આર્થર ક્રોમ્પટન હોય કે પરમાણુ વિજ્ઞાની મેઈટનર હોય દરેકે ઈશ્વર પ્રત્યેની પોતાની શ્રધ્ધા વ્યક્ત કરી છે.

જીવનશાસ્ત્રી એડવિન કોક્લીન કહે છે કે, 'જીવન આકસ્મિક રીતે ઉત્પન્ન થયું હોય અને વિકસ્યું હોય એમ માનવું એ કોઈક છાપખાનામાં આકસ્મિક ધડાકા દ્વારા બધા બીબાં ક્રમસર ગોઠવાઈ જાય અને સંપૂર્ણ સાર્થ શબ્દકોશ તૈયાર થઈ શકે એમ માનવા જેવી વાત છે.'

ટૂંકમાં ડૉ. રાધાકૃષ્ણ સહિતના ફિલસૂફો, ભૌતિકશાસ્ત્રો, ગણિતશાસ્ત્રીઓ, જીવશાસ્ત્રીઓ શ્રધ્ધાળુઓ હતા - પણ અંધશ્રધ્ધાળુ ન હોતા.

આજે આપણે ત્યાં આસ્થાળુઓને છેતરીને લૂંટવાનું બાબાઓ, ફકીરો, બાપુઓનું જબરજસ્ત નેટવર્ક ચાલે છે. અસ્થાળુ વ્યક્તિ સાચા ખોટાનો ભેદ પારખી શક્તી નથી. કયારેક વિચાર થાય છે કે પ્રજા ભોળી છે કે ભોટ છે ?

સાચા સાધુના લક્ષણો તો શાસ્ત્રોમાં બહુ સ્પષ્ટ રીતે વર્ણવેલ છે. સૌથી પહેલાં તો સાચો સાધુ નિર્મોહી, અકિંચન હોય છે. એને સંસારના કોઈ દુ:ખ સ્પર્શી શકતાં નથી. એટલું જ નહિ કહેવાતું સુખ પણ સ્પર્શી શક્તું નથી. પરંતુ આજના ભક્તને તો તાત્કાલિક બધું મેળવી લેવું છે એટલે એના સ્વાર્થ અને લાલચમાં એ સાચા અને ખોટા સાધુઓનો ભેદ પારખી શકતો નથી. સાચા સાધુ માટે તો કહેવાય છે કે, 'સાધુ તો ચલતા ભલા.' સાધુ એક જગ્યાએ સ્થાયી ન થાય તો ઘણા દુષણોથી બચી શકે છે. સાધુ જયારે એક જગ્યાએ સ્થાયી થઈ જાય છે અને એમાંયે મોટાં મોટાં ટ્રસ્ટોનો, નાનકડાં સામ્રાજયનો માલિક થઈ જાય છે ત્યારે ભોગવિલાસમાં વ્યભિચારમાં સરી પડે છે અબજોની મિલકતના માલિક હોય એ સાધુ-સંત કઈ રીતે હોઈ શકે ?

બાબા રામ-રહીમ હોય કે ઈચ્છાધારી બાબા હોય, વિકાસાનંદ હોય કે સ્વામી સદાચારી હોય, નિત્યાનંદ હોય કે કલકી ભગવાન તરીકે ઓળખાતા તામિલનાડુના બાબા હોય, મહિલા ભક્તના જાતિય શોષણ અને રેપ કેસમાં પણ તેઓ સંડોવાયા હોવાની ઘટનાઓ બહાર આવતી રહે છે પણ લાલચુ ભક્ત એમાં વધુને વધુ ફસાતાં જ રહે છે.

સ્વાર્થ, લાલચ છોડીને કોઈપણ માણસ થોડો પણ વિચાર કરે તો આવાં તકવાદી, ભોગી બાબાઓથી બચી શકે છે. સાચાં અને ખોટાં, દંભી લોકોને પારખવાનું બહુ અઘરું નથી હોતું. આંખો ખુલ્લી રાખનારને બધી જ લીલાઓનું દર્શન થઈ જતું હોય છે. છેવટે તો ભોગી એ રોગી જ હોય છે એ સમજવાનું અઘરું નથી.

શ્રધ્ધા, અશ્રધ્ધા અને અંધશ્રધ્ધા ઉપર પુસ્તકો લખાય એમ છે, લખાયાં પણ છે. પરંતુ અહીં તો સ્થળની મર્યાદામાં રહીને કેટલુંક લખ્યું છે. ■

સૌજન્ય : દિવ્ય ભાસ્કર

## સાત સમંદર પારના સમાચારો

યુસુફ એમ. સિદાત, થાલાવાલા (લીસ્ટર - યુ.કે.)



**આશિયા રાવતની જળહળતી સિદ્ધિ :**

બ્રિટન ઈંગ્લેન્ડ ખાતે સમાજની કેટલીક બહેનોએ શિક્ષણમાં આગળ વધી પોતાની કૂનેહ, આવડત અને અનુભવ દ્વારા સેવા અને શિક્ષણ ક્ષેત્રમાં અસાધારણ પ્રગતિ પણ સાંધી રહ્યા છે. અહીં વોલ્સલ વેસ્ટ મિડલેન્ડ માં વસતા બહેન આશિયા રાવત હાલમાં સ્ટાર એકેડેમી સંચાલિત બર્મિંગહામ ખાતે ઈડન બોઈઝ સ્કૂલના હેડ ટીચર તરીકે સેવા આપી રહ્યાં છે. કવીન્સ મેરી યુનિવર્સિટી લંડનની પ્રથમ વર્ગની ઓનરરી ડિગ્રી ધરાવે છે. સેકન્ડરી સ્કૂલમાં છેલ્લા ૨૦ વર્ષથી સેવા આપે છે. વિવિધ શાળાઓમાં શિક્ષિકા અને આચાર્યા તરીકે તેમણે નોંધપાત્ર સેવા આપી છે, એમના નેતૃત્વમાં ઘણી શાળાઓએ પ્રગતિ સાધી પરિણામોની ટકાવારી વધવા પામી છે. આ વિસ્તારમાં અન્ય ત્રણ જેટલી શાળાઓની સ્થાપના કરવામાં એમનો સહયોગ રહ્યો છે. સ્વૈચ્છિક રીતે ઘણી શૈક્ષણિક સંસ્થાઓને અનુભવ અને માર્ગદર્શન મળતું રહ્યું છે. એમની આ વિશેષ સેવાની કદર કરી બ્રિટનના મહારાણી દ્વારા ઓ. બી. ઈ. ના ખિતાબથી નવાજવામાં આવ્યા છે. આશિયા રાવતે પ્રતિભાવમાં કુટુંબીજનો, મિત્રો અને સહકાર્યકરોનો આભાર વ્યક્ત કર્યો છે. એમનો પરિવાર ભાઠા-પોપડા, તા.ગણદેવી, જી. નવસારીના વતની છે. એમને મળેલા આ બહુમાન બદલ ગૌરવ અનુભવી, અભિનંદન પાઠવીએ છીએ.

**ઈસ્માઈલ ગંગાત સન્માનિત :**

નવા વર્ષમાં સન્માનિત કરાનારાઓમાં આપણાં સમાજના બીજા એક યુવાન મૌલાના જ. ઈસ્માઈલ મોહમ્મદ ગંગાત લંડનનો પણ સમાવેશ થાય છે. એઓ અઝહર એકેડેમી ગર્લ્સ સ્કૂલ, ફોરેસ્ટ ગેટ લંડનના સ્થાપક અને મુખ્ય સંચાલક છે. સ્કૂલમાં કન્યાઓ માટે મઝહબી તાલીમ અને પ્રાથમિક શિક્ષણની સુવિધાઓ પુરી પાડવાની વ્યવસ્થા છે. એમના શિક્ષણના કાર્યક્ષેત્રમાં પ્રદાન અને વિશેષ સેવાઓ બદલ એમને રાણી દ્વારા એમ. બી. ઈ. ઈલ્કાબ આપી સન્માનિત કરાયા છે. ભાઈ ઈસ્માઈલનું કુટુંબ મૂળ અંકલેશ્વર તાલુકાના ઉમરવાડા ગામનું વતની છે. મુબારકબાદ આપીએ છીએ.

**ન્યુ મુસ્લિમ પ્રોજેક્ટ :**

પશ્ચિમના રાષ્ટ્રોમાં ઈસ્લામ ધર્મ પરત્વે એક અનોખું આકર્ષણ રહ્યું છે. પ્રતિદિન ઈસ્લામ થી પ્રભાવિત થઈ ઈસ્લામ અંગીકાર કરવા વાળાઓની સંખ્યામાં વધારો થતો રહ્યો છે. ઈસ્લામ સ્વીકાર્યા પછી એમની ઘણી જરૂરિયાતો ઉભી થતી હોય છે. અહીં યુકે માં ઘણી સંસ્થાઓ સહાયરૂપ થઈ નવા વાતાવરણમાં જીવન પસાર કરવાનું સરળ બનાવે છે. આ માટે જેમકે, ઈસ્લામિક ફાઉન્ડેશન, ઈસ્લામ વાઈઝ, મુસ્લિમ કાઉન્સિલર ઓફ બ્રિટન ઉપરાંત સ્થાનિક મસ્જિદો, કોમ્યુનિટી સેન્ટર અને મુસ્લિમ સામાજિક સંસ્થાઓ વિવિધ રીતે પ્રયત્નો કરતા હોય છે. ખાસ કરીને એમને માનસિક ટેકો અને યોગ્ય ઈસ્લામિક માર્ગદર્શન, પુસ્તિકાઓ, વ્યક્તિગત સંપર્ક, નમાઝની જાણકારી, ટૂંકા સમયના અભ્યાસક્રમો, સામાજિક મિલન સમારંભ, વાર્ષિક સભા યોજવી, આધ્યાત્મિક જીવન શૈલી વિકસાવવી, રમઝાન અને ઈદ જેવા પ્રસંગોએ સંપર્કો જાળવી રાખવા, ભેટ આપવી, વેબીનાર યોજવા, કૂર્આન, હદીસ અને ઈસ્લામ સંબંધિત યોગ્ય માહિતી અને જાણકારી પુરી પાડવી આમ વિવિધ પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. જેથી સાચી સમજ અને વિચાર દ્વારા ઈસ્માલિક જીવન સરળતાથી જીવી શકે. જેનો લાભ મોટી સંખ્યામાં લેવાઈ રહ્યો છે.

**બ્રિટનની મસ્જિદોમાં રહેલી સંભવિત સેવાઓ :**

સામાન્ય રીતે મસ્જિદો એટલે ઈબાદત કરવાનું કેન્દ્ર માનવામાં આવે છે. આ ઈબાદતો માત્ર નમાઝ સુધી મર્યાદિત ન રહેતાં સમય અને સ્થળની જરૂરિયાતને ધ્યાનમાં રાખી મસ્જિદ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓમાં સહેજ ફરેફાર કરવા પડે છે. બ્રિટનની કાર્ડિફ યુનિવર્સિટીમાં હાથ ધરવામાં આવેલા સંશોધન મુજબ મસ્જિદો મારફતે જરૂર પડયે ગરીબોને સહાય, રાહત કામગીરી, વ્યવસાયિક સલાહ પૂરી પાડવી, કોઈ આકસ્મિક દુર્ઘટના સમયે સહાયક બનવું, સ્વયંસેવકો દ્વારા મદદરૂપ થવું, કોરોનાવાયરસ જેવી બિમારીના સમયે સ્થાનિક પાડોશીઓ અને સમર્થન જૂથો સાથે મળી ખાદ્ય સામગ્રી પૂરી પાડવી, એકલતા અનુભવતા હોય તેમની મુલાકાત લેવી અને અન્ય ધાર્મિક જૂથનો સહયોગ કરી જે તે વિસ્તારમાં શાંતિ અને સલામતી જળવાય રહે તેવું વાતાવરણ ઊભું કરવું, આમ મસ્જિદ સ્થાનિક સામાજિક સમાજના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવી યોગદાન આપી રહ્યાની શકયતાઓ રહેલી છે.

**પ્રસંશનીય કર્તવ્ય :**
કેટલાક મહિનાઓથી વિશ્વભરમાં કોરોના વાઈરસે હાહાકાર મચાવ્યો છે ત્યારે યોગ્ય માર્ગદર્શન જરૂરી બની જાય છે. આ માટે સરકાર ઉપરાંત બ્રિટનભરની વિવિધ સંસ્થાઓ અને મસ્જિદો સમયસર મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. મુસ્લિમ કાઉન્સિલ ઓફ બ્રિટન, મિનાબ તેમજ સ્થાનિક વિવિધ સંસ્થાઓ મુસ્લિમ સમાજને માર્ગદર્શન અને વિકટ પરિસ્થિતિમાં વિશ્વાસ જળવાઈ રહે તે માટે કટિબધ્ધ થઈ મસ્જિદો અને મદ્રેસાઓ માટે સલાહ, વ્યક્તિઓ માટે સલાહ, રસીકરણ, એન. એચ. એસ. પરીક્ષણ અને ટ્રેસટ પ્રશ્નો, વડીલો માટે સલાહ, માનસિક આરોગ્ય લોકડાઉન દરમિયાન તણાવનો સામનો કરવો, કોવિડ સંબંધિત મૃત્યુ / અંતિમ સંસ્કાર દફન, સ્થાનિક સ્વયંસેવકોની પહેલ, રોગચાળા દરમિયાન નાણાંકીય સહાય, ઉમરાહ-હજ, રમઝાન અને ઈદ માટે સલાહ અને વ્યવસ્થા પુરી પાડી જવાબદારીપૂર્વક મદદરૂપ થયા છે. ઉપરાંત ઉલ્માઓ, હોસ્પિટલો, ડોકટર્સ, નર્સ, વોલેન્ટીયરો, વેપાર ઉદ્યોગો અને કામદાર વર્ગ વિગેરે નોંધપાત્ર સેવા પૂરી રહ્યા છે. એ બદલ આભાર વ્યકત કરવામાં આવ્યો છે. ■

# NRC - पूरी मालूमात - વિશે પુરી જાણકારી

● 26 जनवरी 1950 से जुलाई 1987 के दरमियान में पैदा होने वाला हर लड़का /लड़की जो भारत में पैदा हुआ है, वोह हिन्दुस्तानी है ।

Section - 03 - The Indian Citizenship Act - 1955.

● जुलाई 1987 से लेकर दिसम्बर 2003 के दरमियान जो भी लड़का / लड़की हिन्दुस्तान में पैदा हुआ हो और उस के माँ बाप में से कोई भी हिन्दुस्तानी हो वोह हिन्दुस्तानी माना जाएगा । ( उसे हिन्दुस्तानी शहरियत हासिल होगी ।)

Section - 03 - The Indian Citizenship Act - 1955.( तरमीम शुदा )

● 2004 - से आज तक जो भी लड़का / लड़की भारत में पैदा हुआ हो जिस में माँ और बाप दोनों भी हिन्दुस्तानी हो या दोनो में से कोई भी (illegal Immigrants)( गैर क़ानूनी तौर पर हिन्दुस्तानी सरहद में दाख़िल ना हुआ हो ) वोह भी हिन्दुस्तानी माना जाएगा ।

Section - 03 - The Indian Citizen ( तरमीम शुदा ) The Indian Act - 1955

इस के मुताबिक़ हमें NRC से खौफज़दा ( डरने की ) जरुरत नहीं मुसलमान इस से डर या खौफ में ना रहें। बल्के अपने अपने जरूरी कागज़ात की तैयारी कर के हिफाज़त से रख्खें ।

યે ધ્યાન સે સમજ લે ઓર કહી સુની બાતો પર ન જાયે ઓર ન ડર ફેલાયે ઓર અપને કાગજાત જરૂર હરફ બ હરફ ચેક કરલે, ગલતી માલુમ હોને પર કીસી સમજદાર સે હલ કરાયે.

जनगणना ( मर्दम शुमारी ) या किसी भी Door To Door किसी भी सर-वे ( इनक्वायरी ) के वक़्त तमाम मुसलमान भाईय्यों और बहनों से गुज़ारिश है, के वोह सभी मालूमात को बहोत ही ध्यान से भरें और मज़हबी कालम में ( ईसलाम ) ही लिख्खें और ज़ात के कालम में सिर्फ ( मुस्लिम ) ही लिख्खें इस के अलावा और कुछ ना जोडें । जैसे के शिया, सुन्नी, पठान, अहल-ए-हदीस, तबलीग़ी या जमाअत-ए-ईस्लामी वगैरह । बराए करम इस पोस्ट को अपने तमाम मुस्लिम भाईय्यों तक पहुँचाऐं ।

मज़हबी कालम में ( ईसलाम ) लिख्खें । ''मुस्लिम'' ना लिख्खें और किसी भी फिरक़े का या जमाअत का नाम बिल्कुल भी ना लिख्खें । किसी भी फार्म को भरने के लिए किसी भी सरकारी आदमी या ज़िम्मेदार पर भरोसा ना करें ।

तमाम मालूमात खुद भरें या अपने ही किसी मुस्लिम रिशतेदार या जानकार से सही भरवाएँ, फार्म भरते वक़्त सिर्फ बॉल पेन का इस्तेमाल करें, पेन्सिल या जेल पेन का ईस्तेमाल ना करें । क्यूँके मुमकिन है के सरकारी आदमी उस को मिटा कर कुछ और ना भर दे । ये बहुत जरुरी मालूमात है, हम फज़ूल बातों को तो बहोत क़सम दे देकर आगे भेजने के लिए कहते हैं, मगर ये बहोत ज़रूरी काम की बात है, हर हिन्दुस्तानी मुसलमान भाई और बहन को ज़रूर भेजें । यही वक़्त की अमह जरूरत और तकाजा है, ख़िदमत और सवाब का ज़रिया भी है ।

## દઈ દીધું એણે મને, તે પણ મુકદ્દરથી વધુ!
## 'મસ્ત' મારે તો દુઆ પણ માંગવી ઓછી પડી!

■ ડો.એસ.એસ.રાહી

નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના મુખ્ય આદિવાસી વસ્તી ધરાવતા કાંગવઈ નામે ગામમાં ૨ (બીજી) મે ૧૯૩૪ના રોજ અહમદભાઈ મંગેરાનો જન્મ થયો હતો. ત્યાં તેમના માતા અમીનાબહેનનું અવસાન થયું. તો ઈ.સ.૧૯૫૧માં પિતા ઈબ્રાહીમભાઈ પણ ખુદાની રહેમતમાં પહોંચી ગયા.

અહમદભાઈએ પ્રાથમિક શિક્ષણ કાંગવઈ ગામમાં લીધું. નવસારીમાં મેટ્રિક થયા તો સુરતની સર કે.પી.કોમર્સ કોલેજમાં આંકડાશાસ્ત્ર સાથે સ્નાતક થયા. તેમણે ૧૯૬૫માં બી.એડ કર્યું. તે પછી એલ.એલ.બી. અને એમ.એડ જેવી ઉચ્ચ પદવીઓ પણ તેમણે પ્રાપ્ત કરી. તેમણે પુનાની મોલેદિના એંગ્લો ઉર્દૂ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે કામ કર્યું. મુશ્કેલ પરિસ્થિતિઓનો સમનો કરીને અહેમદભાઈએ શિક્ષણ કાર્યને જ પોતાનો જીવનમંત્ર બનાવી દીધો. શિક્ષણના આ જીવે ઈ.સ.૧૯૬૨માં સુરત જિલ્લાના મહુવા તાલુકાના અનાવલમાં માધ્યમિક શાળાનો પાયો નાંખ્યો હતો. આ પછી ઈ.સ.૧૯૬૪માં આલીપોરમાં હાઈસ્કૂલની સ્થાપના કરી અને તેનું આચાર્ય પદ તેમણે શોભાવ્યું હતું. ઈ.સ.૧૯૬૯માં પોતાના માદરે વતન કાંગવઈમાં સાર્વજનિક હાઈસ્કૂલની સ્થાપના કરી. આમ આજીવન શિક્ષક અને સેવકને ઈ.સ.૧૯૬૯માં ગુજરાત સરકારે શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ એનાયત કરી તેમનું બહુમાન કર્યું હતું. અનેક જાણીતી હસ્તિઓ સાથે ગાઢ સંપર્ક અને સંબંધ ધરાવતા આ શાયરે લગભગ ૧૦ વખત યુ.કે.નો પ્રવાસ કર્યો છે. ઉપરાંત સાઉથઆફ્રિકા અને હજ માટે સાઉદી અરેબિયા અને ઈરાકનો પ્રવાસ કર્યો છે. સુરતથી નીકળતા 'વહોરા સમાચાર' માસિકપત્રના તંત્રી તરીકે ૧૯૮૧થી તેઓ નિયમિત રીતે પોતાની સેવાઓ આપે છે. તેમણે પોતાના વતન કાંગવઈની ગ્રામ પંચાયતના સરપંચ તરીકે ૧૦ વર્ષ સુધી સેવા બજાવી હતી.

શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં કાર્યરત હોવાની સાથે તેમણે સાહિત્ય સર્જનનો શોખ પણ જાળવી રાખ્યો. શરૂમાં તેમણે જુદા-જુદા વર્તમાનપત્રોમાં નાના-નાના લેખો લખ્યા. તેમણે પોતાનું તખલ્લુસ 'મસ્ત' મંગેરા રાખ્યું અને શે'ર-શાયરીની દુનિયામાં તેઓ આ જ ઉપનામથી ઓળખાય છે. તે જમાનામાં આ શાયર હઝલસમ્રાટ ઈબ્રાહીમભાઈ દાદાભાઈ 'બેકાર' સાહેબના પરીચયમાં આવ્યા હતા. તે વખતે મુશાયરા પ્રવૃત્તિ જોર પકડતી હતી. ગુજરાતભરમાં યોજાતા, મોટાભાગના મુશાયરામાં ભાગ લેવાનું સદ્ભાગ્ય 'મસ્ત' મંગેરાને મળ્યું હતું. તેમણે તેમના ઉસ્તાદ શાકિર ઉનિઆ પાસેથી ગઝલ લેખનના પાઠ શીખ્યા હતા. 'મસ્ત' મંગેરાની ગઝલો ગુજરાત અને ગુજરાત બહાર દેશ-વિદેશના કેટલાક સામયિકો અને દૈનિકોમાં પ્રગટ થતી રહી છે.

તેમની ગઝલો, નઝમો, મુકતકોનો સંગ્રહ 'મિજાજ' ઈ.સ.૨૦૦૯માં પ્રગટ થયો છે. 'આઠમોવાર' તેમની નવલકથા છે તો 'સરવાળો'માં તેમની ટૂંકી વાર્તાઓ ગ્રંથસ્થ થયેલ છે. મહાકવિ ડો.અલ્લામા ઈકબાલના જીવન કવન વિશે પણ તેમણે પુસ્તક પ્રગટ કરેલ છે. 'સુન્નિ વહોરા મુસ્લિમ આંતરરાષ્ટ્રીય ડિરેક્ટરી' અને 'શિક્ષણની સરવાણી' તેમના અન્ય પુસ્તકો છે. 'વહોરા સમાચારમાં' છપાયેલા જ.શાકિર ઉનિઆના લેખો પણ તેમણે 'સમજ અપની અપની' નામે સંપાદિત કર્યા છે. આકાએ નામદાર (સ.અ.વ.)ના જીવનને સરળ ભાષામાં રજૂ કરતા 'સીરા વાંચનમાળા'ના ૧ થી ૭ ભાગ તેમણે પ્રગટ કર્યા છે. તેમણે જાણીતા ગઝલકાર 'મસ્ત હબીબ' સારોદી(ઈ.સ.૧૯૧૨-૧૯૭૨)ની ગઝલોનું સંપાદન 'મસ્તી'(૧૯૬૫) નામે કર્યું છે. જે ગઝલકારનો એક પણ ગઝલસંગ્રહ થયો ન હોય અને જે શાયર સાવ વિસરાઈ ગયા હોય તેવા શાયરોના પુસ્તકો તૈયાર કરવા માટે 'મસ્ત' મંગેરાએ શ્રી જય નાયક(નવસારી)ના સથવારે 'આવાઝ પ્રકાશન' નામે પ્રકાશન સંસ્થા શરૂ કરી છે. આ સંસ્થાએ વિવિધ શાયરોના ૧૪ ગઝલસંગ્રહો બહાર પાડયા છે. માત્ર ૧૩ વર્ષની ઉંમરે લેખનનો આરંભ કરનાર આ સમાજસેવક શાયરના કેટલાક મજેદાર શે'રનો હવે રસાસ્વાદ કરીએ :

પીઠને આશરો તો આપે છે,
એટલી તો ભલી છે દીવાલો.

દિવસમાં યે નથી દેખાતો દિવસ,
દિવસ જાણે અમારી રાતમાં છે.

દિલ જેવી છે એક જ દૌલત,
એની યે થૈ જાય સખાવત.

હસી એ શકે છે બધા હાલ પર,
ગજબ 'મસ્ત'ની એ અમીરાત છે.

આજ મળ્યાં ને કાલ મળીશું,
પ્રેમનો કંઈ અંજામ ન આવે.

એક અમાનત રૂપે એને સાચવી,
પારકું ધન છે અમારી જિંદગી.

મદભરી આંખ શું હતી ઓછી,
એમાં કાજળની આવી રેખા-શ્યામ.

હાથમાં શસ્ત્ર દઈ શરાબીના,
આપ કરવાના આજે કત્લેઆમ

બેઉમાંથી પસંદ એક જણ પણ નથી,
આ જીવન પણ નથી, આ મરણ પણ નથી.

દર્શનની મુગ્ધતાની હું ફરિયાદ શું કરું ?
કહેવાનું કહી શકયો નહીં એવું મિલન હતું.

ખૂલેલા દ્વાર આપોઆપ બંધ થઈ ગયા,
નિજના જ ઘરથી કોઈથી પાછા ફરાય છે ?

પાછા ફર્યા સિવાય અહીં કયાં બીજી ગતિ ?
કહેવાય છે કે જિંદગી સીધો પ્રવાસ છે.

દઈ દીધું એણે મને, તે પણ મુકદ્દરથી વધુ,
'મસ્ત' મારે તો દુઆ પણ માંગવી ઓછી પડી !

મંઝિલની સરસ વાત અમે સાંભળી તો છે,
બાકી ચરણના ભાગ્યમાં કેવળ પ્રવાસ છે.

વિરહની વેદનાઓ લઈ હૃદય જંપી ગયું હમણાં,
અરે, ભારેલો અગ્નિ છે, રખે એને પવન લાગે !

પ્રશ્ન એ  છે, કાફલો કયાંથી જશે મંઝિલ ઉપર ?
આમ વારંવાર જો રસ્તાઓ બદલે રાહબર.

જીવનના ધૂપછાંવનો બીજો શો અર્થ હોય ?
અલ્લાહ, તારું ધ્યાન કદી છે, કદી નથી !

મદભર્યાં કોનાં નયન, આ જામ છલકાવી ગયાં,
પાનખરને પણ વસંતી રંગમાં લાવી ગયાં.

તમારા આગમનનું એ પરિવર્તન કે આકર્ષણ-
જૂના ખંડેર પર મ્હેલાત સ્વપ્નોની ચણાતી ગઈ.

## ■ EDUCATION: WHERE DO WE SURTI SUNNI VOHRAS STAND?

ISMAIL AHMED LAMBAT,
MANCHESTER, TEL. (0161) 232 1876

To many of our village based Surti Sunni Vohra brothers and sisters we may not sound right or very convincing but we feel and our observations and information seeking very clearly tells us that most of us have not realised and accepted the importance of either religious or secular education. If we try to find out more about progress, we have made in acquiring both religious and secular education all of us will have to admit that we have not made much significant or continues progress. On and off our young people have attended education providing institutions but we feel to have an endogamous group like ours to make progress in acquiring education we must have a steady flow of our young people enrolling with education providing institutions and completing their courses.

In the early 1950's after the Independence of our country from British rule we had many hundreds of our young men and practically no young women joining high schools after completing their primary schooling. We feel the interest shown by our young men in acquiring secular education prompted many from our endogamous group to build schools in some of our Vohra villages. The interest was short lived. Many who enrolled at high schools did not complete their education and those who did so did not go onto colleges to do degree courses and those who joined colleges often ended up by having B.A. degrees in subjects that were not much sought after.

In recent years our endogamous group members have undergone another change in the acquiring of secular education. Without doing a head count we can say with some certainty that we now have more girls from our endogamous group than boys acquiring high school education and a number of these going onto colleges to do degree courses. What is also encouraging is that many of our students are now showing more interest in pursuing I.T. and science subjects.

Whilst we feel happy with the take up of religious and secular education by our girls, we should also feel concerned about this new development. All our readers will agree with us that we also need more or at least a similar number of our young boys to pursue higher education. If we fail to get the balance right the parents of our girls pursuing higher education, we will be faced with problem of getting them married off to suitable partners.

Many of our parents have in recent years started

preferring fee charging English medium schools for their children to those run by the State Government. These schools we feel will help many of our children to acquire good education and learn the English language, but we feel most of these children may not come to have good knowledge of Gujarati and Hindi languages.

Most of our children who attend English medium schools often cannot attend their madressas for their religious education as they have to spend time travelling to and from school and spend the better part of their day at school. Some parents ask a Hafiz or Alim to teach their children after they return from school. This arrangement enables the children to learn about their religion, but it cannot serve the function of a madressa. As we know a madressa helps provide a better learning environment for children, helps them meet other children and helps them learn more about their religion and learn to practice.

Our interest in acquiring religious education too has not been very good. The interest of both our young boys and girls in joining dar-ul-ulooms is decreasing. A few years back we often heard parents talking about their boys and girls who had joined dar-ul-ulooms to do alim or alima courses or joined Hifz classes. If we seek information of the numbers of those boys who have in recent years completed their Hifz we will be disappointed. We have heard of some of our Vohra villages which have not had a new Hafiz during past 8 to 10 years. Our take up of both alim and alima courses is also disappointing. We feel our endogamous group will have to wait for a new upsurge of interest among our young boys and girls in joining dar-ul-ulooms and acquiring qualifications.

It is of no use feeling sorry, angry or disappointed about the lack of interest or poor interest in acquiring religious and secular education by our young endogamous group members and their parents. We feel what we need are not more religious or secular education providing institutions. We feel we have more than what we need and when the need increases, we should provide more religion and secular subjects teaching institutions. What we need more than having more education providing institutions are more male and female students to enrol at the institutions we have.

We feel as an endogamous group we need to pay more attention to help change our people's thinking about both religious and secular education. Having more education providing institutions and making available more scholarships and hostels for our students is good but these on their own cannot help the take up of education among our people. What we need is more work to pass on the message of the importance of education to both our Vohra parents and their children.

Whilst our people have undergone many social and economic changes most of our Vohras have not yet fully realised the importance of education. Most of us still think that religious education stops at having the ability to read the Holy Qur'an and to have the ability to read and write is having secular education. Unfortunately, these levels of education are no longer enough. What we need is much higher levels of education and a better understanding of the education that is acquired. This we feel will help us practice our religion and represent it with a better understanding.

Several reasons kept our Vohra brothers and sisters from seeking education. Historically we associated education both religious and secular with seeking employment. In other words, only those who needed to work for others as they had no other source of income to live on had to acquire education. As Vohras were landowners/land cultivators they felt no need to seek education as they had no need to work for others.

Migration and the financial benefits it brought for those who migrated also played and continues to play a big part in keeping our Vohras from acquiring education. Most of those who migrated had little religious and secular education, but this did not stop them from earning good money and enabled some to become super rich.

Remittances from migrants stopped their village-based relatives as well as others from seeking education as they had no need to seek paid work which required some levels of religious and secular education.

We can earn a living as well as become wealthy without having much education but our need for having education should not be determined by such considerations. We feel we all need good levels of both religious as well as secular education. Education, both religious as well as secular will we feel enable us to live a more meaningful life as Muslims and as citizens of the country we live in.

The thick stone wall that has historically existed to keep our religious and secular education apart we feel should be re-built with material that would allow both those pursuing religious education and secular education to become familiar with what the others are teaching and what the students are learning. We feel this will help bring about much needed awareness and understanding of both religious and secular education among our Surti Sunni Vohras and hopefully help bring down the artificial barriers which helps keep those with religious and those with secular education away from one another.

# MY FIGHT AGAINST CANCER

**Dr. Ibrahim Vedachhia**
**(M.S., FMAS)**

Perspective and attitude is everything in our lives. Whenever I am faced with a challenge, my natural defense mechanism is to use positive thinking as the kick starter to power through the adversity.

1 had a history of recurrent malaria, which enlarged my spleen (Tropical Splenomegaly). I knew this by ultrasound results, but I had no symptoms. Then suddenly in September 2014. 1 had acute symptoms, such as fever, malaise, anorexia, weight loss, night sweats, and on blood examination, cytopenia and anemia. 1 underwent 21 days of extensive investigations, including a CT scan of my thorax &, abdomen, PET scan, bone marrow piopsy. aspiration examinations, but still no conclusive diagnosis. On my third bone marrow biopsy, UniPath lab diagnosed my condition as splenic marginal zone lymphoma/SMZL (low grade tumor), which was confirmed by a pathologist at UCLA in California, USA.

Until now, I was actively enjoying my surgical practice and doing several operations. My eyes were set on my dreams, goals, plans, family responsibilities and I fully engaged in them all. In those 21 days, I was playing a completely different game. As a Surgeon myself, 1 never imagined that I would become a patient. My weight was lost by 12 kg, In rny abdomen, some unwelcome guest was giving me trouble and discomfort. I decided to face this guest with a smile because I knew almighty Allah would definitely give me salvation from this problem. I believed at the time that self-care was a divine responsibility.

**IT WAS AS If I WAS TRAVELING ON A HIGH-SPEED TRAIN RIDE HEADING TOWARDS MY GOALS AND DREAMS. THEN SUDDENLY, THE TRAIN CONDUCTOR TAPS ME ON MY SHOULDER AND TELLS ME THAT I'VE ALREADY REACHED MY DESTINATION. HE TELLS ME TO EXIT THE TRAIN AT THE NEXT STOP. I WAS COMPLETELY CONFUSED AND DISORIENTED, TELLING THE CONDUCTOR, "NO, NO, MY DESTINATION HASN'T COME YET; I HAVE TO TRAVEL UNTIL THE FINAL STOP. "**

During this time of crisis and sadness, I desperately needed to keep ray strength; fear and panic could not overrule me and make me miserable. My intention was to fight back with strong willpower and trust in almighty Allah. But then, the pain came with overwhelming force, like I was being pricked all over my body. Chemotherapy was causing me severe, throbbing pain in my bones. It was relentless in its intensity and nature. It was difficult to tolerate. Nothing was working anymore; no painkiller, no medication, and no consolation would help. No amount of motivation, moral support, prayers and duas could help me overcome my unbearable pain.

But regardless, after a month I was back to work doing operations with a smiling race. I was enjoying my surgical practice again thanks to the grace of Allah and a lot of duas from friends, family and patients.

However, in September 2020., I relapsed with a severe second attack of splenic marginal zone lymphoma (SMZL). There is an American romantic comedy I know called "Come September." If I were to name my own movie, it would be "Go Go September." I was again drained, exhausted and listless. I had fatigue due to the immense effects of the second bout of SMZL, where my old symptoms returned. I had again lost almost 13 kg. I could not stop this terrible guest from coming back, but 1 decided to not give it a chair to sit on. Thankfully God has given me a position where money and status dosen't matter, but right now all I need is His mercy. My calm mind is The ultimate weapon against this greatest challenge.

When I am about to lose myself in grief, sadness, or anger, I remember:

"Oh an soul does Allah place a greater burden than ir can bear" (2:286),
Then I know that The Merciful has already given me the strength, the bravery, and the patience to ovcrcome.
I may not feel it some days but now I know that I am strong enough for this and that I have the willpower to fight this.
I realized that I have to play my game better, irrespective of the outcome. I have never given up hope. I know things can change daj-to-day, and the problem may soon, dissolve in the light of a new day's sunrise. Nobody can create a miracle for me, but my trust in the almighty Allah is a source of all miracles. He will guide me to a better outcome. My faith in Allah has unlocked my hidden inner strength and revealed to me how strong I am.
At present I have good days and bad days. Although t am recovering and improving day-by-day from my second attack of SMZL. I am grateful for your duas and moral support. 1 have started treating patients and doing surgeries at my practice again.
SO BY THE GRACE OF ALLAH AND YOUR PRAYERS, I DID NOT GET OFF AT THE NEXT TRAIN STOP. I AM STILL TRAVELING ON THE SAME TRAIN, BUT NOW AT A SLOWER SPEED. I AM HOPING THAT THE TRAIN WILL EVENTUALL YRETURN TO THE SAME SPEED IN THE COMING DAYS, MY LAST STOP WILL COME AS DESTINED BUT UNTIL THEN I AM JUST GOING TO ENJOY THE RIDE.
I thank almighty Allah, the most merciful, who has given me a second chance and a fruitful life to serve my patients and my people.

AND SO.... HERE I AM BACK.....
REALIZING WHAT I HAD.
MADE ME VERY SAD.
AS IT WAS REALLY BAD.
FIRST - I AFRAID OF FEAR AND TEARS ...
COULD NOT CRY & LIGHTEN MY HEART
BUT THEN. WHY SHOULD I CRY ?
WHEN ALLAH IS SO NEAR TO ME.
AS I PASSED MY DAYS IN HOSPITAL
I BECAME BRAVER AND STRONGER.
GETTING USED TO DAILY PRICKS & GADGETS.
THEY MADE MY NIGHTS RESTLESS & PAINFUL.
ALL MY RELATIVES AND FRIENDS HAD BROAD SMILES ON THEIR FACES.
SO AS NOT TO LEAVE BACK SAD OR CRYING TRACES
WITH MY WILL POWER AND STRENGTH.
I FOUGHT MY DISEASE WITH GREAT SUCCESS THAT.
I WILL BE BACK WITH SAME OLD SMILES& DOING SURGERIES.
I THANK EVERYBODY WHO HELPED AND SMILED WITH ME.
AND OF COURSE, THEY ALL WILL BE WITH ME IN EVERY STEP OF MY LIFE.
AS WORST NIGHTMARE OF MY LIFE IS OVER.
I THANK ALLAH ALMIGHTY, THE MOST MERCIFUL
WHO GAVE ME ANOTHER LIFE.

# દેશ - વિદેશના સમાચાર

## આલુંજ

**શાદી મંગણી:-** સા.આફ્રિકા નિવાસી ઝુવેરીયા મવ.હનીફ ટોપીયાની શાદી મૂળ નાનીનરોલી અને હાલ સા.આફ્રિકા સ્થાઇ ઝાહીદ અ.રહીમ (બાબુભાઇ) જાડા (કાપડીયા) સાથે, સા.આફ્રિકા નિવાસી મોહસીન હાફીઝ શબ્બીર ટોપીયાની શાદી કોસંબા મુકામે આતીયા યુનુસ વડીયા સાથે, અમેરીકા નિવાસી અઝમત હાસીમ ટોપીયાની શાદી હુમેરા મવ.યુસુફ દિવાંગરી (ઓલપાડ વાલા) સાથે, ફરહાન કાસમ ટોપીયાની શાદી ભરૂચ મુકામે મેહફુઝા પટેલ સાથે, રેહાના સીરાજ નોરાતની શાદી ન.કરારવેલ મુકામે સલમાન અટન સાથે, સા.આફ્રિકા નિવાસી ઇસ્માઇલ સીરાજ નોરાત તથા ઝુબેર સીરાજ નોરાતની મંગણી સા.આફ્રિકા ખાતે થઇ છે.

**ખુશ આમદીદ (જન્મ):-** મોહંમદ ફારૂક ઐયુબ નોરાતને ત્યાં છોકરાનો જન્મ નામ હમઝા રાખ્યું છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** ફાતમા યુસુફ ટોપીયા તથા ઐયુબ યુસુફ નોરાતનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન:-** મોહમદ ઐયુબ જોગીયાત સા.આફ્રિકાથી તથા સરફરાઝ યુનુસ ટોપીયા યુ.કે.થી વતનની મુલાકાતે આવ્યા છે.

**પરદેશ ગમન:-** અનવર મો.હનીફ(બાબુ) બૈયાંત બોટસ્વાના,આતીયા મોહસીન ટોપીયા સા.આફ્રિકા, તૌસીફકાસમ ટોપીયા તથા ઇલ્યાસ મુસા નોરાત વતનની મુલાકાત લઇ પેરીસ પરત ગયા છે.


**ફ્લેટ વેચવાનો છે**

**બારડોલીમાં ફ્લેટ વેચવાનો છે.**

૧ બેડ રૂમ (લાર્જ સાઇઝ), કીચન, ટોઇલેટ, બાથરૂમ, સીટીંગરૂમ તેમજ બાલ્કની લીનીયર બસ સ્ટેન્ડથી પાંચ મીનીટના અંતરે ગાંધી રોડ અને આશીયાના કોર્નર પર, ફાતમા ટાવર, બીજા માળે, બારડોલી.

**:: સંપર્ક કરો ::**

**99256 74215**

**WHATS APP**

**+ 01 9056727784**

જા.ખ.

*મસ્જીદ તથા મદ્રેસાઓ માટે ખુશ ખબર*

અનેક જાતની વેરાઇટીઝ,
લેટેસ્ટ ડિઝાઇન, વિવિધ કલર સાથે

તૂર્કી,સઉદી વિગેરે દેશોની ઇમ્પોર્ટેડ સફો,ગાલીચા, વુલન,મખમલ, કોટન તેમજ એક્રેલીક અને પી.વી.સી.ની સફો તેમજ ચટાઇઓ, બાળકોને બેસવાના પાથરણા, આસન,કારપેટ વ્યાજબી ભાવે હાજર સ્ટોકમાં મળશે.

**નોંધ:** આપની એકવારની મુલાકાત આપને સંતોષ આપનાર પુરવાર થશે.

*-:: શો રૂમનું સરનામું ::-*

**આગ્રા કારપેટ્સ એમ્પોરીયમ**

૩,આદર્શ માર્કેટ, મેઇન રોડ,
બાટા શુઝની સામે,ભરૂચ
ફોન નંબર (૦૨૬૪૨) ૨૬૮૦૭૪
મોબાઇલ: ૯૩૭૬૧૭૭૭૨૯,૭૯૮૪૧૬૮૫૭૭

જા.ખ.

## નાનીનરોલી

**શાદી મંગણી:-** સા.આફ્રિકા નિવાસી ઝાહીદ અ.રહીમ (બાબુભાઇ) જાડા (કાપડીયા) ની શાદી મૂળ આલુંજ અને હાલ સા.આફ્રિકા સ્થાઇ ઝુવેરીયા મવ.હનીફ ટોપીયા સાથે થઇ છે.

## ખોલવડ

**ઇન્તેકાલે પુરમલાલ:-** હાજી અલી હાસમ મુસાજી (રાંદેરવાલા) નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

## મોટાવરાછા

**શાદી મંગણી:-** પોર્ટબ્લૈર વાળા મુહંમદ અબુબકર (સલીમ) કાસીમ જાદવતની શાદી સુરત ખાતે મરયમબીબી જાવીદ મુહંમદ અમલા સાથે થઇ છે.

**ખુશ આમદીદ (જન્મ):-** આમિર ગુલામમોહંમદ (સિરાજ) ફિટર ને ત્યાં છોકરીનો જન્મ થયો છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** મરયમબીબી ઉમર અહમદ વોરાજી ઉ.વ.આ. ૭૬ નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)


T Favourite™

We Also Sell

MUSAJI TEA since 1950

SINCE 1963 SHIPTON TEA

LIBERTY TEA CO.

Tea merchant | ચાહ ના વેપારી

Since 1947

Favourite Exim

Add.: 9/1960, Limda Chowk, Surat. 395003

+91 261 2423906 - Info@favouriteexim.com

જા.ખ.

જુના અને જાણીતા ફેવરીટ ગ્લાસ વેર વાળા : ૧૯૪૭


## કઠોર

**શાદી મંગણી:-** સુફીયાન સુલેમાન ડોબાની મંગણી વાંકાનેર મુકામે રેહાના ઇલ્યાસ તરાજીયા સાથે તથા ઇમરાન હાસીમ હાંસાની મંગણી મોટાવરાછા મુકામે આયશા લેહરી સાથે થઇ છે.

**ખુશ આમદીદ (જન્મ):-** મઆઝ સુલેમાન ડોબાને ત્યાં છોકરીનો જન્મ નામ રૂમૈસા રાખ્યું છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** અબ્દુલકાદેર અસ્માલ (મેંધી),ફાતેમાબીબી ઇશાક તથા યુનુસ મોહંમદ વાવડા નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન:-** સુફીયાન સુલેમાન ડોબા તુર્કીથી,અસલમ અ.કાદેર ઉમર,સાજીદ મોહંમદસલીમ અસ્માલ,ઇકબાલ ગુ.હુશૈન અસ્માલ (ગુલ્લુ) કેનેડાથી,અસ્મા અ.કાદેર ઉમર,સેહનીલા અ.કાદેર ઉમર યુ.કે.થી,આતેકા અ.કાદેર ઉમર,ઉબેદુલ્લાહ યુસુફ રાંદેરી સા.આફ્રિકાથી, હફસા ઐયુબ ઇશાક (જેક) તથા સાજીદ ઐયુબ ઇશાક (જેક) કેનેડાથી


**જાહેર આભાર**

અમારા વાલીદ **જનાબ હાજી અહમદ સઇદ આઝમ હાટીઆ (સઇદભાઇ)** નો **તા. ૧૧-૧-૨૦૨૧** ના રોજ રાંદેર મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.) જેઓ Haji Azam M. Hatia P & C Trust ના બાની, ઉમ્મીદ સાપ્તાહીકના માજી તંત્રી, જમીયતે ઉલ્મા એ હીંદ વગેરે સંસ્થાઓના કાર્યકર્તા હતા. હમારા ઉપર આ અચાનક આવી પડેલ દુ:ખમાં જે સર્વે હિતેચ્છુઓએ દિલસોજી પાઠવી અમારા દુ:ખમાં શરીક થયા તે સર્વેનો હમો અંત:કરણ પૂર્વક આભાર માનીએ છીએ.

અલ્લાહપાક સર્વે સાહેબોને જઝાએ ખૈર અતા ફરમાવે. મર્હુમની બાલ-બાલ મગફીરત ફરમાવે અને જન્નતુલ ફીરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે તથા મર્હુમ દ્વારા જાણતા અજાણતામાં જે કોઇને મન દુ:ખ થયુ હોય કે ગીબત થઇ હોય તે પણ માફ કરી દેવા આથી ખાસ નમ્ર ગુઝારીશ છે.

મર્હુમના હકમાં સર્વેને દુઆએ મગફીરત કરવા પણ નમ્ર ગુજારીશ છે.

**લી.**

**આઇશા અહમદ સઇદ હાટીઆ**

**આઝમ અહમદ સઇદ હાટીઆ**

**અસદ અહમદ સઇદ હાટીઆ**

**ખદીજા હાટીઆ પઠાન (સીંગાપોર)**

જા.ખ.

વતનની મુલાકાતે આવ્યા છે.

**અન્ય :-** હાજી ડી.એમ.લોખાત ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ ધી કઠોર મુસ્લિમ સોસાયટી ઓફ યુ.કે., ઇન્ડિયન મુસ્લિમ રીલીફ એન્ડ અંજુમન - એ- તાલીમુલ મુસ્લીમીન - મલેકપોર અને ધી મુસ્લિમ ગરાસીયા સોસાયટી દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ તારીખ ૧૦-૧-૨૦૨૧ ના રોજ ૯ માં સામુહિક નિકાહનું આયોજન થયું હતું. જેમાં ૨૭ ગરીબ અને મધ્યમ વર્ગની મુસ્લિમ છોકરીઓને ઘર વપરાશના લાગતા દરેક સામાન દહેજમાં કઠોર ગામના અને વિદેશમાં વસતા મુસ્લિમ દાનવીરો,ટ્રસ્ટના હોદ્દેદારો, કઠોર ગામની તમામ કાર્યરત સંસ્થાઓ, કઠોરગામના દરેક કોમનાં આગેવાનો, ઉલમા-એ-ઇકરામ અને ધી કઠોર મુસ્લિમ કોમ્યુનિટી ડેવેલોપમેન્ટ ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓની મહેનતથી દાન ભેગું કરી દહેજ આપી સંસ્થાનું અને કઠોર ગામનું નામ રોશન કર્યુ છે. ગરીબ છોકરીઓનાં ઘર વસાવ્યાની મહેકતા ફેલાવી અને તેમની દુઆઓ લીધી છે. તે બદલ ટ્રસ્ટનાં પ્રમુખ જનાબ યાકુબ સુલેમાન દાદાભાઇ સાહેબે તમામનો આભાર વ્યકત કર્યો છે.

## ઇટાળવા

**ઇન્તેકાલે પુરમલાલ :-** અમીના અ.રશીદ હાફેજી, ફેહમીદા અ.રહેમાન પટેલ નો ગામ ખાતે,હાજી અ.રહેમાન પાંડોરનો યુ.કે. ખાતે તથા હાજી યુસુફ મોહંમદ અમેજીનો સા.આફ્રિકા ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન :-** હાજી અ.રશીદ મોહંમદ શફી ભાણા તથા હાજી અ.રહેમાન નાલ્લા પટેલ યુ.કે.થી વતનની મુલાકાતે આવ્યા છે.

## રાંદેર

**શાદી મંગણી :-** ફૈસલ યુસુફ મામસાની શાદી ફાતેમા યુનુસ અશરફ સાથે, કાસમ (બિલાલ) અબુબકર હાંસ્યાની શાદી ઝીનત યુસુફ મામસા સાથે,મોહંમદ સાલેહ અહમદ ભામની શાદી આયશા ઝાકીર સાડાતેર સાથે તથા અનીશ મોહંમદ મમુનની શાદી હબીબા સાથે થઇ છે.

ખુશ આમદીદ (જન્મ) :- ઇમરાન યુસુફ ભામને ત્યાં છોકરાનો જન્મ નામ યુસુફ તથા યાહયા ઇબ્રાહીમ હાફેજીને ત્યાં છોકરીનો જન્મ નામ સારા રાખ્યું છે.

ઇન્તેકાલે પુરમલાલ :- આયશાબીબી-હાસીમ મોહંમદ યાકુબઅલીની છોકરી તે આઝમ મુરાદની ઔરત, સુગરાબીબી (બીબી ધુપલી)-અહમદ ગોરા ધુપલીની છોકરી તે આઝમ મુરાદની ઔરત, અબુબકર આરીફ સાડાતેર ( બાબુલાલ સાડાતેર), રૂકૈયાબીબી - આઝમ બપોરીયાની છોકરી તે સુલેમાન આરેફ ભામની ઔરત,ગુલામ મોહંમદ ઇબ્રાહીમ અલ્લુ, સોયેબ ઇબ્રાહીમ ભરૂચા (અભા ભરૂચા),અહમદ સઇદ આઝમ હાટીઆ (સઇદભાઇ),હાજરાબીબી -ઇબ્રાહીમ ભરૂચાની છોકરી તે મોહંમદ ગોરા મુસાજીની ઔરતનો રાંદેર ખાતે, મરીયમબીબી (માજન મા) - હાસમ કાસમ મુસાજીની છોકરી તે યાકુબ આંગલીયાની ઔરતનો તથા અબુબકર યાકુબ આંગલીયાનો કરાંચી ખાતે, ઉમર અહમદ મુરાદનો સા.આફ્રિકા ખાતે તથા ઝુબેદાબીબી - આરેફ સાલેહની છોકરી તે માહમુદ દુધાની ઔરતનો

## બાટલી - યુ.કે.

રજુ કર્તા :- જ. મોહંમદભાઇ પાંડોર સા. જીતાલીવાલા

**ઇન્તેકાલે પુરમલાલ :-** લાજપોરના સઇદભાઇ દાઢીવાલા,ઇસ્માઇલભાઇ વાંઝા ડાભેલવાલા, રીઝવાન અને કાદીર આલીમ મવ.યુસુફ મામા સાહેબ કફલેતાવાલા,ઇબ્રાહીમ મોહંમદ કાસુજી લાજપોરવાલા તથા મુસા અહમદ સીદાત આલીપોરવાલાનો યુ.કે. ખાતે ઇન્તેકાલ થયો છે તેમજ ખદીજાબહેન સમદભાઇ લોખાત કઠોરવાલાનો કેનેડા ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**મુબારકબાદ :-** રૂમૈશા ઇલ્યાસ કોલા લાજપોરવાલા હાફીઝા થયા છે.

## ડયુઝબરી - યુ.કે.

**ઇન્તેકાલે પુરમલાલ :-** અહમદભાઇ અભરામજી હીંગલોટવાલાનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

કરાંચી ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

## વરીયાવ

**શાદી મંગણી :-** શૌકત સુલેમાન આટીયાની છોકરી સનાની શાદી કોસાડી મુકામે ઐયુબ ઉસ્માન ભાણા સાથે, અશગર કાસીમ આટીયાના ફરજંદ અહમદ (જુબેર) ની શાદી મોટાવરાછા મુકામે ડૉ.મલીહા મો.સલીમ વોરાજી સાથે, કાસીમ (આસીફ) ઇસ્માઇલ (ગુલફામ) મપારાની દુખ્તર નીખતની શાદી ખોલવડ મુકામે યુસુફ હારૂન સઇદ મુલ્લા સાથે તથા સોયબ (છોટુભાઇ) યુસુફ મપારા ના ફરજંદ રીઝવાનની શાદી કોસંબા મુકામે શબનમ ગુ.મોહંમદ મોતાલા સાથે થઇ છે.

**ખુશ આમદીદ (જન્મ) :-** એઝાઝ (બાબા) ઇશહાક (ગોરા) જીનવાલાને ત્યાં છોકરાનો જન્મ નામ યુસુફ તથા અહમદ (સાજીદ) મોહંમદ (બાબુમોટા) બાગીયાને ત્યાં છોકરીનો જન્મ નામ ફારિયા રાખ્યું છે.

**ઇન્તેકાલે પુરમલાલ :-** સઇદા યાકુબ (ઉસ્માન) ખાંડીયાનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

## કોસંબા

**ઇન્તેકાલે પુરમલાલ:-** ફાતમાબેન બિલાલ જીવા તથા યાકુબભાઇ યુસુફ ખાનજીનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**અન્ય:-** કોસંબાની મરીયમબાઇ હોસ્પીટલના સૌજન્યથી અહમદ મહમદ પટેલના સન્માનમાં એક રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી અહમદભાઇ ને શ્રધાંજલી આપી હતી. આ કેમ્પને સફળ બનાવવા માટે જ.યુસુફભાઇ સાવાવાલા સા.,જ.ફૈજલભાઇ બાવા સા.,જ. ગોરાભાઇ જીવા સા.,મોહ.યાસ્મીનબહેન દાવજી સા.,જ.સલીમભાઇ મમુજી સા. તથા જ.ઐયુબભાઇ મોતાલા સા.એ મેહનત કરી હતી.(૨)કોસંબા એજયુકેશન સોસાયટીની વાર્ષિક સાધારણ સભા તા.૧-૧૨-૨૦૨૦ ના રોજ બપોરે ૧:૦૦ કલાકે રાખવામાં આવી હતી. જેમાં નીચે મુજબના હોદ્દેદારોની વરણી કરાવામાં આવી છે. મોહ. યાસ્મીનબેન ફૈઝલ દાવજી-પ્રમુખ,ડૉ.અબ્બાસ મહમદ મોતાલા- ઉપપ્રમુખ,જ.ફૈઝલ મોહંમદ બાવા-જનરલ સેક્રેટરી,જ.ઝૈદ અખ્તર મોતાલા-જોઇન્ટ સેક્રેટરી,જ.યુસુફ ઇબ્રાહીમ ખાનજી-ટ્રેઝરર,જ.ફરીદ યાકુબ દુધા-ઇન્ટરનલ ઓડીટર, જ.યુસુફ ઇશાકજી પટેલ,જ.યુસુફ મહમદ જીવા, જ.સાદીક ઐયુબ બાવા,જ.બીલાલ મહમદ જીવા, જ.આસીફ સલીમ વેડછીયા,જ. સલીમ ઇબ્રાહીમ પટેલ, મોહ. નિલોફર મોહંમદ યુસુફ પટેલ,જ. સોયબ યાકુબ મુલ્લા તથા જ. સલીમ ઐયુબ સીદાત વિગેરે કમિટી સભ્યો,આમંત્રિત સભ્યો:-મોહ.ફીરોજા ઇબ્રાહીમ પટેલ,જ.ઐયુબ ઇસ્માઇલ સીદાત,જ.ઇબ્રાહીમ સુલેમાન શહેરી,જ.રીઝવાન સીરાજ સીદાત તથા જ. સાજીદ ઐયુબ દાવજી

## સાચણ

**શાદી મંગણી:-** નાઝીયા મો.હનીફ મનખની શાદી પાનોલી મુકામે ઇબ્રાહીમ ઇલ્યાસ હાંસલોદ (કરમાલીયા) સાથે થઇ છે.


**બંગલો વેચવાનો છે.**

પટેલ વાડી, સ્ટેશન નજીક, જુના ગામ કોસંબા ખાતે ત્રણ બેડરૂમ, કીચન, હોલ, તથા તમામ ફર્નીચર સાથે, કંપાઉન્ડવાળો બંગલો વેચવાનો છે.

**:: કોન્ટેક નંબર ::**

**૯૯૨૫૯ ૯૬૪૪૭**

જા.ખ.




**ઇન્તેકાલે પુરમલાલ:-** બિલાલ યુસુફ ભાણા ઉ.વ.આ.પ૩ નો કેનેડા ખાતે,ઇલ્યાસ યાકુબ મોતાલા (ગઠીયા) ઉ.વ.આ. ૫૫ નો સા.આફ્રિકા ખાતે,ફાતેમા ઐયુબ ધુધાત ઉ.વ.આ.૭૭ નો સાયણ ખાતે તથા ફરીદા આસીફ ધુધાતનો સા.આફ્રિકા ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

## બ્લેકબર્ન - યુ.કે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** હાજીયાણી ખદીજાબહેન અહમદભાઇ ધોરાત (ભોરીયાવાલા) નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

## આંકડોદ

**શાદી મંગણી:-** તસ્લીમા અ.રશીદ કાઝી (માસ્તર) ની શાદી બૌધાણ મુકામે તથા ફારૂક સુલેમાન કાઝી (કોસંબા) ની નેક દુખ્તર સુમૈયાની શાદી સુરત મુકામે થઇ છે.

**ખુશ આમદીદ (જન્મ):-** નાસીર ઇબ્રાહીમ કાઝીને ત્યાં છોકરીનો જન્મ નામ અયના રાખ્યું છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** ઝુલેખા યુસુફ કાઝીનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન:-** મૌલાના હાસીમ ગોરા પટેલ (બારડોલી) એમની અહેલીયા અને ફરજંદો સાથે કેનેડાથી વતનની મુલાકાતે આવ્યા છે.

**પરદેશ ગમન:-** ફરીદા ઇસ્માઇલ કાઝી (ટેલર) કેનેડા ગયા છે.

## રમઝાન - ૨૦૨૦ માં સોસાયટીને મળેલી મદદ

૨૦,૭૦૦જ.સોયબભાઇ પારખ સા. બલેશ્વર
૫,૬૦૦જ. યુસુફ મોહંમદ હાજી (ગોરાભાઇ) વાલોડ
૧,૫૦૦જ. શકીલ અહમદ યુસુફ પટેલ સા. કાંગવઇ

## જાહેર આભાર

મોહતરમા સાબેરા મૌ.ઇબ્રાહીમ લુલાત (રવિદરા) નો તા.૨૦-૦૧-૨૦૨૧ ના બુધવાર ના રોજ કેનેડા ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.) એમની દફનવિધી તા.૨૨-૧-૨૦૨૧ ના રોજ થઇ છે.

આ દુ:ખદ પ્રસંગે અમારા કુટુંબીજનો, સગા સબંધીઓ, દોસ્ત બીરાદરો, સ્નેહીજનો, સંસ્થાઓના કાર્યકરો, ઉલમાએ કીરામ તથા નામી અનામી સજજનોએ જનાઝાની નમાઝમાં શીર્કત ફરમાવી તેમજ દેશ-વિદેશથી ફોન, ઇ-મેલ,મેસેજ દ્વારા દિલસોજી પાઠવી અમારા દુ:ખમાં શરીક થયા તે સર્વેનો આ મુખપત્ર દ્વારા જાહેર આભાર વ્યકત કરીએ છીએ.

અલ્લાહપાક મર્હુમાની બાલ-બાલ મગફીરત ફરમાવે અને જન્નતુલ ફીરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે. **આમીન.**

મર્હુમાના હકમાં સર્વેને દુઆએ મગફીરત કરવા નમ્ર ગુજારીશ છે.

**લિ.**

**મૌ.ઇબ્રાહીમ લુલાત - કેનેડા**
**મોહંમદ અમીન લુલાત**
**અ.રહીમ લુલાત**
**યુસુફ લુલાત**
**મુસ્તાક લુલાત**
**એન્ડ લુલાત ફેમિલી દેશ - વિદેશ**

જા.ખ.

## નોટબુક વિતરણ કાર્યક્રમ યોજાયો

ખીદમતે ખલ્ક ફાઉન્ડેશન, ખરોડ સંસ્થા દ્વારા તા.૨૧-૧-૨૦૨૧ ગુરૂવારના રોજ એસ.એમ.બદાત રેસી.સ્કુલ, કોંઢમાં જરૂરીયાતમંદ ગરીબ વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ માટે નોટબુક વિતરણ કાર્યક્રમ યોજાયો. જેમાં હાલમાં શાળાના ધોરણ ૧૦ માં અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થીઓ માટે ૧૨ નોટબુકનો એક સેટ તથા સ્વાધ્યાયપોથીનું વિતરણ ખીદમતે ખલ્ક ફાઉન્ડેશન,ખરોડ સંસ્થાના હોદ્દેદારો જ.મકસુદભાઇ ખરોડીયા તથા જ.મોહંમદભાઇ કાઝી ના હસ્તે કરવામાં આવ્યું. શાળાના આચાર્ય જ.અયાઝભાઇ ખરોડીયાએ પોતાના વકતવ્યમાં આ સંસ્થા દ્વારા થતી સામાજીક કામગીરીને બિરદાવી હતી અને વિદ્યાર્થીઓને આવનાર મે-૨૦૨૧ બોર્ડની પરીક્ષામાં ખૂબ મહેનત કરવા આહવાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના મા.શિક્ષક જ. અશરફભાઇ ધોરાત સા. દ્વારા કરવામાં આવ્યું હતું. આવનારા સમયમાં ધો.૮ અને ૯ ના વિદ્યાર્થીઓને પણ આજ પ્રકારે નોટબુક,સ્વાધ્યાપોથી તથા યુનિફોર્મની સહાય આપવા માટેનું વચન સંસ્થા વતિ હોદ્દેદારોએ આપેલ છે. અલ્લાહપાક મદદ આપનાર - અપાવનાર તથા તેમાં મદદરૂપ થનાર સર્વે દાતાઓની આ નેક ખીદમતોને કબૂલ ફરમાવી એનો બહેતરીન બદલો બન્ને જહાંનમાં અતા ફરમાવે. આમીન.

# રૂબી હોસ્પિટલ એન્ડ પોલી કલીનીક

**યુનિયન હાઇસ્કુલ સામે, છકકાપીર ગલી, લાલગેટ, સુરત.**

**ફોન નં. ૦૨૬૧ - ૨૪૧૯૪૯૪,૨૪૨૯૪૯૪,૯૪૨૮૦૦૫૬૯૮, ૯૪૨૮૦૦૫૬૯૯**

## ડૉ. ઇબ્રાહીમ યુસુફ વેડછીયા (M.S., FMAS)

## લેપ્રોસ્કોપીક એન્ડ જનરલ સર્જન

## છેલ્લા ૪૨ વર્ષનો શસ્ત્રક્રિયાનો અનુભવ

**મળવાનો સમય સવારે ૧૧ થી ૧ / સાંજે ૫ થી ૭**

---

ઇમરજન્સી કોન્ટેકટ : ડૉ. સંજય : ૯૮૯૮૪૪૨૧૯૭

### તમામ પ્રકારની શસ્ત્રક્રિયા ઉપલબ્ધ (દુરબીનથી અને ઓપન)

**દુરબીનથી શસ્ત્રક્રિયા**

૧. એપેન્ડીક્ષ
૨. ગર્ભાશય અને એની ગાંઠ
૩. પ્રોસ્ટેટ
૪. હરસ મસાનું ઓપરેશન (MIPH,STAPPLER)
૫. પિત્તાશયની પથરી
૬. પેટના હર્નીયા - સારણ ગાંઠ
૭. કીડની ની પથરી

**ઓપન શસ્ત્રક્રિયા**

૧. હાઇડ્રોસીલ / થાઇરોઇડ
૨. દરેક પ્રકારની પેટની શસ્ત્રક્રિયા
૩. ખત્ના (રીંગથી - ટાંકા વગર)
૪. સ્પેશીયાલીસ્ટ ઇન બ્રેસ્ટ કેન્સર સર્જરી

### એપોઇન્ટમેન્ટથી તમારા સમયની બચત થઇ શકે છે.

### શનિવારે (સાંજે) અને રવિવારે બંધ

### ઇમરજન્સી ૨૪ કલાક

ખુદાની મરજીથી તંદુરસ્તી હશે ત્યાં સુધી કોમને સેવા આપતો રહીશ.

## જઝાકુમુલ્લાહ

● **મદીના મસ્જીદ ટ્રસ્ટ,કલેપ્ટન - યુ.કે.** તરફથી **રૂા.૩૬,૬૨૫/-** ઝકાતના સોસાયટીના બેવાફંડમા **જ.અ.હૈયભાઇ સાચા સા.** હસ્તે મળ્યા છે.

● **જનાબ મોહંમદ ઉમર બપોરીયા સા.- લંડન** તરફથી **રૂા૧૫,૦૦૦/-** સોસાયટીના **વિવિધ ફંડ ઝકાત,સદકા** અને **લીલ્લાહ ફંડમાં મોહતરમા ખદીજાબીબી ઉમર બપોરીયા સા. રાંદેર** હસ્તે મળ્યા છે.

**ઝકાત**

| | | |
|---|---|---|
| ૬૦૦૦ | જ. ઇકબાલ મેહમુદ મામસા સા. | સુરત |
| ૬૦૦૦ | મોહ. સલમા મેહમુદ મામસા સા. | સુરત |
| ૪૦૦૦ | જ. ઇસ્માઇલ મુસા પટેલ સા. | સાવા |
| ૩૦૦૦ | જ. યુસુફ ઇદ્રીસ મામસા સા. | સુરત |
| ૫૦૦ | જ. અબુબકર ઇકબાલ મામસા સા. | સુરત |

**અલ્લાહપાક એમની આ નેક ખૈરાતોને કબુલ ફરમાવી એનો બહેતરીન બદલો બંન્ને જહાનમાં અતા ફરમાવે.આમીન.**

## શાદી મુબારક

આપણી સોસાયટીના મેનેજીંગ કમિટીના સભ્ય **જ. મૌ.સોયબ યાકુબ ભૈયાત સા. સંજાલી** ની નેક દુખ્તર **ડૉ.મદીહા (M.B.B.S.)** ની શાદી **તા.૨૬-૧૨-૨૦૨૦** ના **શનીવારના** રોજ **બલેશ્વર** મુકામે **જ.બીલાલભાઇ આબોવત સા.** ના નેક ફરજંદ **ડૉ.ઇબ્રાહીમ (M.B.B.S.)** સાથે થઇ છે. આ ખુશીના પ્રસંગે સોસાયટીના કાર્યકર્તાઓ હાજર રહી નવદંપતીને તથા તેમના વાલેદૈનને મુબારકબાદી આપી હતી.

**અલ્લાહપાક દુલ્હા -દુલ્હનની જોડીને આબાદ અને સુખી રાખી મોહબ્બતથી ભરપૂર લાંબુ આયુષ્ય બક્ષે અને બન્ને ખાનદાનમાં મોહબ્બત અતા ફરમાવે.આમીન.**

## સોસાયટીમાં મદદ મોકલવાનું ઠેકાણું

**ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી, સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે, સુરત - ૩૯૫૦૦૩**

**પરદેશ માટે**

***UNION BANK OF INDIA***
***STATION ROAD BRANCH,SURAT - 395003, GUJARAT- INDIA***
***ACCOUNT NO. - 311302010006567***
**BANK SWIFT CODE. :- UBININBBSUR**

**દેશ માટે**

**યુનિયન બેંક ઓફ ઇન્ડિયા**
**સ્ટેશન રોડ બ્રાન્ચ,સુરત - ૩૯૫૦૦૩, ગુજરાત - ઇન્ડિયા**
**એકાઉન્ટ નંબર - ૩૧૧૩૦૧૦૧૦૦૩૦૦૨૫, IFSC CODE :- UBIN05311380**

## ઇન્તેકાલે પુરમલાલ

● આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ તેમજ લંડન-યુ.કે. ખાતેના માનદ્ પ્રતિનિધી **હાજી અહમદ ઇસ્માઇલ વાવડા સા. (કઠોર)** ના વાલેદા **મોહતરમા હાજીયાણી ખતીજાબહેન** નો **તા.૨૬-૦૧-૨૦૨૧** ના મંગળવારના રોજ લંડન-યુ.કે. ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

● આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ **જ. યાકુબભાઇ યુસુફ ખાનજી સા.** નો **તા. ૩૦-૧૧-૨૦૨૦** ના સોમવારના રોજ **કોસંબા** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

● આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ દાનવીર **જ. અહમદ સઇદ આઝમ હાટીઆ સા.** નો **તા.૧૧-૦૧-૨૦૨૧** ના સોમવારના રોજ **રાંદેર** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

● આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ તેમજ મદ્રેસા ખલીલીયાહ,નાનીનરોલીના બાની **જ. હઝરત મૌલાના હનીફ મોતાલા સા. (ઝામ્બીયા)** નો **મલાવી** ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

અલ્લાહપાક ઉપરોકત મર્હુમોની બાલ-બાલ મગફીરત ફરમાવી જન્નતુલ ફીરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે તથા સર્વે કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે. આમીન

Phone No.0091-261-2420097/2424458

FEBRUARY - 2021

VOHRA SAMACHAR VALID UP TO 31-12-2023.

Licence No.040 inland 081 For Foreign

PUBLISHED ON LAST DATE OF EVERY-MONTH , AT NATRAJ PRINTERS, SURAT

RNI No.9372/57"Registerd No.SRT-004/2021 -2023"
2000 Copies Posted at SR RMS at 3rd of Every month

on date of posting 03 - 02 - 2021

**વહોરા સમાચાર લવાજમના વાર્ષિક દર નીચે પ્રમાણે છે.**

દેશમાં વાર્ષિક લવાજમ રૂા.૧૫૦, પરદેશમાં વાર્ષિક લવાજમ (બાય એર મેલ) રૂા.૧૦૦૦, દેશમાં લાઇફ મેમ્બર ફી રૂા.૨૦૦૦, પરદેશમાં લાઇફ મેમ્બર ફી રૂા. ૩૦૦૦ (એર ચાર્જ રૂા. ૭૦૦ વાર્ષિક ભરવાના રહેશે.), છુટક નકલ કિંમત રૂા.૧૫.૦૦

# ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરતનું ૭૩ મું વાર્ષિક અધિવેશન કોસંબા મુકામે સુખમય સંપન્ન.

આપણી ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરતનું **૭૩** મું વાર્ષિક અધિવેશન**તા.૩૧-૧-૨૦૨૧** ના **રવિવાર**ના રોજ સવારે **૧૦:૩૦** કલાકે ડૉ.જી.આઇ.મોતાલા ટેકનીકલ કેમ્પસ (એ.વાય.દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટ) કોસંબા મુકામે યોજાય ગયુ. અધિવેશનનો સંપૂર્ણ અહેવાલ ઇન્શાઅલ્લાહ **માર્ચ-૨૦૨૧** ના અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવશે.

## વહોરા સમાચારમાં લવાજમ મોકલવાનું ઠેકાણું

**વહોરા સમાચાર**

**સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે, સુરત - ૩૯૫૦૦૩**

**એકાઉન્ટ નંબર:- ૦૭૪૩૦૨૦૦૦૦૦૧૮૫, બેંક ઓફ બરોડા, સુફીબાગ બ્રાન્ચ, સુરત-૩**

**IFSC CODE :- BARB0SUFIBA**

## વહોરા સમાચાર ગ્રાહક જોગ

(૧) વહોરા સમાચારના અંકો દેશ તથા પરદેશમાં દર માસની ત્રીજી તારીખે એક સાથે પોસ્ટ કરવામાં આવે છે. જેમને અંક ન મળે કાર્યાલયમાં જાણ કરતા સ્ટોકમાં હશે ત્યાં સુધી અંકો રવાના કરવામાં આવશે.પરંતુ દેશમાં અંક ન મળવાનીફરીયાદ જે તે ગામની પોસ્ટ ઓફિસને પણ અવશ્ય કરવા વિનંતી.

(૨) વહોરા સમાચારને લગતા કોઇ પણ કામ માટે નીચે આપેલ મોબાઇલ નંબર ઉપર તેમજ ઇ-મેલ ઉપરસંપર્ક કરી શકો છો.

**મો.અસલમ પટેલ**

**મોબાઇલ નંબર** 098241 84657

E-mail:-vohrasamachar@yahoo.com, vohrasamachar@gmail.com

## વહોરા સમાચારના જાહેરાતના દરો

**આખુ પેજ રૂા. ૨૦૦૦** **અડધુ પેજ રૂા. ૧૨૦૦** **પા પેજ રૂા. ૬૦૦**

**નોંધ:-** વહોરા સમાચારમાં આવતી જાહેરાત કે લેખ સાથે તંત્રી કે સંસ્થા સહમત છે એવું માનવું નહીં.કોઇ પણ સંસ્થાની જાહેરાત લેટરપેડ ઉપર તથા સહી-સિકકા વાળી હશે તો જ છાપવા અંગે વિચારણા કરવામાં આવશે.

## વહોરા સમાચાર પ્રતિનિધી જોગ

વહોરા સમાચારમાં સમાચાર મોકલનાર પ્રતિનિધી ભાઇઓને નમ્ર વિનંતી કે ગામના કે સંસ્થાના સમાચાર ટુંકા અને મુદ્દાસર લખવા તથા દર માસની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા.